જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૨૩-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

ગુજરાતની ૨૬,કેરળ-૨૦,મહારાષ્ટ્ર-કર્ણાટકની ૧૪-૧૪ બેઠકો પર મતદાન થશે

લોકસભા ચૂંટણી: ત્રીજા તબક્કામાં આજે ૧૪ રાજ્યોની ૧૧૫ બેઠકો પર મતદાન

અમિત શાહ,અનંતકુમાર હેગડે,રાહુલ ગાંધી,સંબિત પાત્રા,શશી થરુર,મુલાયસિંહ,આઝમ ખાન,જયાપ્રદા,વરુણ ગાંધી સહિતના દિગ્ગજ નેતાઓનું ભાવિ ઈવીએમમાં કેદ થશે



ત્રીજા તબક્કામાં કુલ ૧૫૯૪ ઉમેદવારો મેદાને જેમાં ૧૪૨ મહિલા ઉમેદવાર,૩૪૦ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે

ન્યુ દિલ્હી

લોકસભાની સાત તબક્કે યોજાનારી ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન આજે યોજાશે. ત્યારે તેની તમામ તૈયારીઓ પુરી થઈ ગઈ છે. સવારે ૭ થી સાંજે ૬ દરમ્યાન મતદાન થશે. લોકસભાની ચૂંટણીના બે તબક્કાનું મતદાન પૂર્ણ થયું. જેથી ત્રીજા તબક્કાના ચૂંટણી પ્રચારનો રવિવારે અંતિમ દિવસ હતો. સાંજે પાંચ વાગ્યે ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થઈ ગયા હતા. ત્રીજા તબક્કામાં ૧૪ રાજ્યોની ૧૧૫ બેઠક પર આજે મતદાન થવાનું છે. ત્રીજા તબક્કામાં ગુજરાતની ૨૬ બેઠકો સહિત સૌથી વધુ કુલ બેઠકો પર મતદાન યોજાશે.

ત્રીજા ચરણમાં ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો પર મતદાન થશે. કેરળમાં ૨૦, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ૧૪-૧૪, ઉત્તર પ્રદેશમાં ૧૦, છત્તીસગઢમાં ૭, ઓડિશામાં ૬, બિહાર અને પશ્ચિમ બંગાળમાં પાંચ-પાંચ, આસામમાં ચાર, ગોવામાં બે, જમ્મુ અને કાશ્મીર, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ તથા ત્રિપુરામાં એક-એક બેઠક માટે મતદાન થશે.

ત્રીજા તબક્કામાં કુલ ૧૫૯૪ ઉમેદવારો મેદાનમાં છે જેમાં ૧૪૨ મહિલા ઉમેદવાર છે. ૧૫૯૪ ઉમેદવારો પૈકી ૩૪૦ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જ્યારે વાયનાડ બેઠક પરથી રાહુલ ગાંધી, અમિત શાહ, અનંતકુમાર હેગડે, સંબિત પાત્રા અને શશી થરૂરનું ભાવિ નક્કી થવાનું છે, ત્યારે આ તબક્કામાં ઉત્તર પ્રદેશમાં ૧૦ બેઠકોપર થનારા મતદાનમાં ગઠબંધનની મજબૂતી સાથે પારિવારિક સંબંધોની પણ કસોટી થવાની છે. કેમ કે ૧૦ બેઠકોમાંથી ૯ બેઠક પર સપાના ઉમેદવાર મેદાનમાં છે. મુલામયસિંહ યાદવ, સંતોષ ગંગવાર, આઝમ ખાન, જયાપ્રદા, વરૂણ ગાંધી, શિવપાલ યાદવ જેવાં દિગ્ગજોની પરીક્ષા થશે.

૨૩૦ ઉમેદવાર સામે ગંભીર ગુના નોંધાયેલા છે. ૧૪ ઉમેદવાર ઓવ છે જે દોષિત સાબિત થઈ ચૂકયા છે. ઉપરાંત ૩૯૨ ઉમેદવાર કરોડપતિ છે. સૌથી વધુ ભાજપના ૮૪ ઉમેદવાર કરોડપતિ છે. સમાજવાદી પાર્ટીના દેવેન્દ્રસિંહ યાદવ સૌથી વધુ ૨૦૪ કરોડની મિલ્કત ધરાવે છે. તો ૧૧ ઉમેદવારોએ તેમની મિલ્કત શૂન્ય દર્શાવી છે.

ગુજરાતમાં, વિધાનસભાની ચાર બેઠક માટે પેટા-ચૂંટણી પણ મંગળવારે જ થવાની છે. રાજ્યમાં આશરે ૪ કરોડ ૪૭ લાખ મતદારો છે. એમાં બે કરોડ ૧૪ લાખ મહિલાઓ છે. ૧૧ એપ્રિલે પહેલા રાઉન્ડ વખતે ૨૦ રાજ્યોના ૯૧ મત વિસ્તારમાં ૬૯.૪૫ ટકા મતદાન થયું હતું. ૧૮ એપ્રિલે બીજા રાઉન્ડ વખતે ૧૧ રાજ્યો અને પુડુચેરી કેન્દ્રશાસિત પ્રદેશમાં સરેરાશ ૬૯.૪૩ ટકા મતદાન થયું હતું.

લોકસભાની સાથે સાથે ૪ વિધાનસભાની પેટા ચૂંટણી પણ યોજાશે

ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર આજે મતદાન થશે

આજે ગુજરાતમાં દેશના દિગ્ગજ નેતાઓ મતદાન કરવા માટે આવશે જેમાં મોદી, શાહ, જેટલી, અડવાણી, આનંદીબેન પટેલનો સમાવેશ

ગાંધીનગર

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે રાજ્યની તમામ ૨૬ લોકસભા બેઠકો અને ચાર વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી માટે આવતી કાલે સવારે ૭ થી સાંજના ૬ કલાક સુધી મતદાન યોજાશે. ચૂંટણી પંચે મતદાન અંગેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. રાજ્યનાં તમામ ૫૧,૮૫૧ મતદાન મથકો પર ઈવીએમ વીવીપેટ સહિત મતદાનને લગતી ૧૨૫ જેટલી સામગ્રીઓ પહોંચાડી દેવામાં આવી છે.

લોકસભાની કુલ ૨૬ બેઠક માટે કુલ ૩૭૧ ઉમેદવારો અને વિધાનસભાની પેટા ચૂંટણીની ચાર બેઠકો માટે ૪૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. લોકસભા બેઠકમાં સૌથી વધુ ઉમેદવારો ૩૧ સુરેન્દ્રનગર બેઠક અને સૌથી ઓછા ૬ ખેડા બેઠક પરથી લડી રહ્યા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જયાંથી લડી રહ્યા છે તે ગાંધીનગર બેઠક પર ૧૭ ઉમેદવાર છે. રાજ્યમાં કુલ ૪,૫૧,૨૫,૬૮૦ મતદારો નોંધાયા છે. જે પૈકી પુરુષ મતદારોની સંખ્યા ૨,૩૪,૨૮,૧૧૯ છે જ્યારે સ્ત્રી મતદારોની સંખ્યા ૨,૧૬,૯૬,૫૧૭ ટ્રાંસજેંડર ૯૯૦ મતદાર છે જ્યારે ૧,૧૦,૮૮,૫૫૫ યુવા મતદારો છે જેઓ પહેલીવાર મતદાન કરી રહ્યા છે.

સામાન્ય વર્ગની બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી સહિત ૨૦ બેઠકો છે. અનુસૂચિત જાતિની કચ્છ અને અમદાવાદ પૂર્વ બેઠક છે. જ્યારે અનુસૂચિત જનજાતિની દાહોદ, છોટા ઉદેપુર,બારડોલી અને વલસાડ એમ ચાર બેઠકો છે. ઊંઝા, ધ્રાંગધ્રા, જામનગર ગ્રામ્ય અને માણાવદરની વિધાનસભા બેઠક પર આવતી કાલે મતદાન યોજાશે. રાજ્યમાં કુલ ૫૧,૭૦૯ મતદાન મથકો પર મતદાન થશે. ૩ લાખ કર્મચારી ચૂંટણી ફરજ નિભાવે છે.

દિવ્યાંગ અને વિકલાંગ અને સિનિયર સિટીઝન મતદાતાઓ માટે રેમ્પ અને વ્હીલચેર સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. મતદાતાને મળેલી મતદાન અંગેની સ્લિપથી મતદાન થઈ શકશે નહીં. મતદાતાએ તેની સાથે ફોટો આઈડી જેમકે આધાર કાર્ડ, વોટર કાર્ડ કે પાન કાર્ડ સહિતનો કોઈ એક પુરાવો સાથે રાખવો પડશે. પ્રજ્ઞાચક્ષુ ઉમેદવાર માટે બ્રેઈલ લિપીની વ્યવસ્થા કરાઈ છે. દરેક વિધાનસભા ક્ષેત્રમાં બે મહિલા મતદાન મથકની વ્યવસ્થા કરાઈ છે. જેનો તમામ સ્ટાફ મહિલાઓ હશે એટલું જ નહીં. દરેક મતદાન મથકની બહાર હેલ્પ ડેસ્ક હશે. જ્યાં મતદાતા પોતાના વોટર આઈ ડી સહિત મતદાર યાદીમાં તેમના નામની ચકાસણીની મદદ મેળવી શકશે.

વડાપ્રધાન મોદી સવારે માતા હીરાબાના આશિષ લઈને રાણીપની નિશાન હાઈસ્કૂલમાં મતદાન કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર બેઠકના ઉમેદવાર અમિત શાહ અંકુર ચાર રસ્તા પાસેની નારણપુરા સબ ઝોનલ ઓફિસ, કેન્દ્રીય નાણાપ્રધાન અરુણ જેટલી એસજી હાઈવે પરની ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ, દેશના પૂર્વ નાયબ વડા પ્રધાન એલ.કે. અડવાણી ખાનપુર અને રાજ્યનાં પૂર્વ મુખ્યપ્રધાન અને મધ્યપ્રદેશનાં રાજ્યપાલ આનંદીબહેન પટેલ શીલજ ગામ ખાતે મતદાન કરશે. રાજ્યભરના મતદાન કેન્દ્ર પર પોલીસે લોખંડી સુરક્ષા ગોઠવી દીધી છે.

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com



BULK WATSAAP
Marketed by MARKET4U - 7575006846-47

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એકિટવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક ફોલ અને જાણો વિગત

GPS Market



RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

પાલ વિસ્તારનો એક અને માત્ર એક વિશ્વસનીય શોરૂમ
radhe furnishing
સોફા અને પડદાનાં કાપડ પર 20% થી 30% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
- સોફાનું કાપડ - યુ ફોમ / મેટ્રેસીસ - પીવીસી ફ્લોરીંગ - રોલર / રોમન - ગ્લાસ ફીલ્મ, વુડ ફીલ્મ
- પડદાનું કાપડ - સોફા - વુડન બ્લાઈન્ડ્સ - આર્ટીફીશીયલ ગ્રાસ - મચ્છરજાળી
- બોલપેપર - વુડન ફ્લોરીંગ - ઝેબ્રા બ્લાઈન્ડ્સ - બેડશીટ - સોફા ડ્રાયક્લીન



વોલપેપર અને મેટ્રેસની વિશાળ રેન્જ ઉપલબ્ધ
refresh DECOR HOME BAJAJ FINSERV 0% PROCESSIG CHARGE 0% INTEREST
દરેક પ્રકારના ક્વોલિટી બેઝ સોફા બનાવવાના સ્પેશ્યાલીસ્ટ
• કસ્ટમાઈઝ વોલપેપર • કસ્ટમાઈઝ 3D ફ્લોરીંગ • કસ્ટમાઈઝ સીલીંગ • કસ્ટમાઈઝ સ્ટેઈર
• કસ્ટમાઈઝ રોલર બ્લાઈન્ડ • કસ્ટમાઈઝ કરટેઈન • કસ્ટમાઈઝ ગ્લાસ અને ડોર • કેનવાસ પર ડીજીટલ પ્રિન્ટ



''રાજ વિકટોરીયા'' પહેલો માળ, દુકાન નં. ૧૨૪, ટીજીબી હોટલની ગલીમાં પાલગામ સર્કલની સામે, પાલ.
Mo. 98987 18873 / 97734 32817 E-mail : radhefurnishing.surat@gmail.com
BULK WATSAAP Marketed by MARKET4U - 7575006846-47

બ્રોકરો માટે જંગ એ ગુજરાત ની ખાસ ઓફર
જમીન, મકાન, દુકાન, ફ્લેટ, ઓપન લેન્ડ, ઇન્ડસ્ટ્રીલ પ્લોટ, શેડ, રોહાઉસ, બંગલા ભાડે વેચાણ આપનાર તથા લેનાર માટે ખાસ ઓફર
અમારા કરતા સસ્તી અને સરળ ઓફર બીજે કયાંય નહી
સંપર્ક
મયંક અગ્રવાલ - ૭૫૭૫૦૦૬૮૪૬ (સુરત)
ધનંજય ઝવેરી - ૭૫૭૫૦૦૬૮૪૭

મોરબી જિલ્લામાં લોકસભા ચુંટણીની તૈયારીઓ પૂર્ણ, સ્ટાફ મતદાન મથક માટે રવાના



લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે આજે મોરબી જિલ્લામાં સમાવિષ્ઠ મતદાર વિભાગ માટે ચૂંટણી ફરજ પરના તમામ અધિકારી-કર્મચારીઓ ઈ.વી.એમ.-વી.વી.પેટ. સહિતની મતદાન મથક માટે જરૂરી સાધન- સામગ્રી તથા સાહિત્ય સાથે બુથ ઉપર જવા રવાના થયા હતા. તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે અને સ્ટાફ પોતાના ફરજના સ્થળ પર જવા રવાના કરી દેવામાં આવ્યા છે.

પૂર્વ ભાજપ પ્રદેશ અધ્યક્ષનું વિવાદિત નિવેદન

રાહુલ ગાંધી એવું મશીન લાવશે જેમાં પુરુષ નાંખશો તો સ્ત્રી નીકળશે: નંદકુમાર સિંહ ચૌહાણ

ન્યુ દિલ્હી

ખંડવા લોકસભા વિસ્તારથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અને પૂર્વ ભાજપ પ્રદેશ અધ્યક્ષ નંદકુમાર સિંહ ચૌહાણે રાહુલ ગાંધીને લઇ વિવાદિત નિવેદન આપ્યું છે. એક સભા દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, 'રાહુલ ગાંધી કઈપણ કરી શકે છે. તેઓ હવે એવું મશીન લાવવાના છે જેમાં એક તરફથી પુરૂષને નાખશો તો બીજી તરફથી (બાઈ) સ્ત્રી નીકળશે. હકિકતમાં, નંદકુમાર સિંહ ચૌહાણે મોડી સાંજે ખંડવામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનું સંબોધન કરી રહ્યાં હતા. એવામાં જ્યારે મીડિયાએ આ વિશે વાત કરી ત્યારે તેમણે આ નિવેદન આપ્યું હતું. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે, તેમણે રાહુલ ગાંધીના કેટલાક વાયરલ વીડિયો જોયા હતા, તેમાંથી તેમણે આ અનુમાન લગાવ્યું છે. જણાવી દઈએ કે, નંદકુમાર સિંહ ચૌહાણ ખંડવા લોકસભાથી પાંચ વખત સાંસદ રહી ચુક્યા છે અને સાતમી વખત ચૂંટણી લડી રહ્યાં છે. નંદકુમાર સિંહ ચૌહાણના વિવાદોથી જૂના સંબંધ છે. એવામાં ફરી એક વખત તેમણે તેમના અંદાજમાં રાહુલ ગાંધી પર વિવાદિત ટિપ્પણી કરી, જેના કારણે તેઓ ફરી વિવાદોમાં ઘેરાયા છે.

બોટાદ જિલ્લા કોંગ્રેસમાં ભુકંપ

જિલ્લા પંચાયતના કોંગ્રેસના ૯ સભ્યોએ કેસરીયો ખેસ પહેરી લેતા કોંગ્રેસમાં સન્નાટો



બોટાદ જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના પુર્વ ચેરમેન મનીષભાઈ ખટાણા સહીત ૯ સભ્યો ભાજપમાં જોડાયા

અમદાવાદ ભાજપ કાર્યાલય ખાતે કેબીનેટ મંત્રી સૌરભભાઈ પટેલ તથા ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાની ઉપસ્થિતિમાં બોટાદ જિલ્લા પંચાયતના કોંગ્રેસના ૯ સભ્યોએ કેસરીયો ખેસ પહેરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ જતા બોટાદ જિલ્લા કોંગ્રેસમાં સન્નાટો વ્યાપી ગયો છે.હાલ બોટાદ જિલ્લા પંચાયતમાં કુલ ૨૦ સભ્યો છે.તેમાથી કોંગ્રેસના ૧૮ સભ્યો હતા અને ભાજપના ૨ સભ્યો હતા.હવે કોંગ્રેસના ૯ સભ્યો ભાજપમાં જોડાતા ભાજપના કુલ ૧૧ સભ્યો થયા છે.જેમાં પ્રભાતભાઈ યાદવ (પુર્વ પ્રમુખ,બોટાદ જિલ્લા પંચાયત), મનીશભાઈ ખટાણા (પુર્વ ચેરમેન, શિક્ષણ સમિતિ), વર્ષાબેન ગોટી(પુર્વ ચેરમેન, આરોગ્ય સમિતિ), ઈશ્વરભાઈ ભરડીયા (જિલ્લા પંચાયત સભ્ય), વિનુભાઈ કલોદરા (ચેરમેન-સિંચાઈ સમિતિ) ,હંસાબેન બાવળીયા (ચેરમેન -બાંધકામ સમિતિ), હેતલબેન મકવાણા (ચેરમેન-શિક્ષણ સમિતિ), લતાબેન મકવાણા (જિલ્લા પંચાયત સભ્ય), વાલજીભાઈ જાદવ (કારોબારી ચેરમેન) આ નવ સભ્યો કેબીનેટ મંત્રી સૌરભભાઈ પટેલ અને ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાની હાજરીમાં અમદાવાદ ભાજપ કાર્યાલય ખાતે ભાજપમાં જોડાઈ જતા કોંગ્રેસમાં સન્નાટો વ્યાપી ગયો છે.કેબીનેટ મંત્રી સૌરભભાઈ પટેલે સભ્યોને આવકારતા જણાવ્યુ હતુ કે બોટાદના ચારેય તાલુકામાંથી પટેલ સમાજ,કોળી સમાજ,ઠાકોર સમાજ,માલધારી સમાજ સહીતના આગેવાનો આજે ભાજપમાં જોડાયા છે.ત્યારે તેઓનું હર્ષભેર ભાજપમાં સ્વાગત થયુ હતુ.કોંગ્રેસના જિલ્લા પંચાયતના સભ્યો પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસલક્ષી રાજનીતી ને સ્વીકારી ભાજપમાં જોડાયા છે.

શ્રીલંકામાં જોરદાર દરોડા અને શકમંદો સામે કાર્યવાહીનો દોર જારી

શ્રીલંકામાં સિરિયલ બ્લાસ્ટમાં મૃતાંક વધી ૩૦૦ પર પહોંચ્યો

કોલંબો

શ્રીલંકામાં ગઈકાલ રવિવારના દિવસે પવિત્ર ઈસ્ટરના પર્વ પર કરવામાં આવેલા સિરિયલ બોંબ બ્લાસ્ટમાં મોતનો આંકડો વધીને હવ ૩૦૦ સુધી પહોંચી ગયો છે. જ્યારે ઘાયલ લોકોની સંખ્યા ૫૦ દર્શાવવામાં આવી છે. બોંબ બ્લાસ્ટ બાદ ઉંડી તપાસનો દોર જારી રહ્યો છે. હજુ સુધી ૨૪ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. વ્યાપક દરોડાની કાર્યવાહી તમામ શકમંદ વિસ્તારમાં ચાલી રહી છ. શ્રીલંકામાં હજુ પણ વ્યાપક અરાજકતા પ્રવર્તી રહી છે. બીજી બાજુ કોલંબો વિમાનીમથક નજીક જીવિત બોંબ મળ્યા બાદ આ બોંબ નિષ્ક્રિય કરવામાં આવ્યા છે. આનો અર્થ એ થયો કે શ્રીલંકા પર હજુ ખતરો પૂર્ણ રીતે ટળ્યો નથી. શ્રીલંકામાં આ બોંબ બ્લાસ્ટ એવી જ રીતે કરવામાં આવ્યા છે જે રીતે વર્ષ ૨૦૧૬માં ઢાકામાં હોળી આર્ટિશન બેકરી પર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. શ્રીલંકામાં બોંબ બ્લાસ્ટ બાદ સુરક્ષા વ્યવસ્થા તમામ જગ્યાએ વધારી દેવામાં આવી છે. દરમિયાન શ્રીલંકામાં લાગુ સંચારબંધીને દુર કરી લેવામાં આવી છે.શ્રીલંકામાં ગઈકાલે રવિવારના દિવસે ઈસ્ટર પર્વ પર એક પછી એક આઠ પ્રચંડ બોમ્બ ધડાકા થયા હતા. જેના કારણે સમગ્ર શ્રીલંકા હચમચી ઉઠ્યું હતું . હુમલાખોરોએ ચર્ચ અને હોટલોને ટાર્ગેટ બનાવીને આ વિનાશક હુમલા કર્યા હતા. સિરિયિલ બોમ્બ બ્લાસ્ટથી સમગ્ર શ્રીલંકા હચમચી ઉઠ્યું હતું. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. કારણ કે ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર છે.

શ્રીલંકામાં ફરી એક બ્લાસ્ટ થયો : વધુ ૮૭ બોંબ મળ્યા

કોલંબો

શ્રીલંકામાં રવિવારના દિવસે એક પછી એક આઠ બોંબ બ્લાસ્ટ થયા બાદ ખતરો હજુ પણ સંપૂર્ણપણે ટળ્યો નથી. આજે કોલંબોમાં એક ચર્ચની પાસે વિસ્ફોટક ભરેલી વેનમાં બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ એ વખતે થયો હતો જ્યારે સુરક્ષા ટીમ વિસ્ફોટકોને નિષ્ક્રિય કરવા પ્રયાસ કરી રહી હતી. આસપાસની ગાડીઓના પણ ફુરચે ફુરચા ઉડી ગયા હતા. બીજી બાજુ આજે કોલંબોમાં એક બસ સ્ટેન્ડની પાસેથી ૮૭ ડિટોનેટર અથવા તો બોંબ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. આનાથી સાબિત થાય છે કે, શ્રીલંકામાં મોટા પાયે નુકસાન કરવાનું કાવતરુ ઘડવામાં આવ્યું હતું. સમગ્ર શ્રીલંકામાં સુરક્ષા દળો અને તમામ સંસ્થાઓ હાઈએલર્ટ ઉપર છે. પોલીસ દ્વારા કડી એકત્રિત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ઈસ્ટર સનડેના દિવસે કરવામાં આવેલા બ્લાસ્ટમાં સાત આત્મઘાતી બોંબર સામેલ હતા. પોલીસે આ સંદર્ભમાં ૨૪ લોકોની ધરપકડ કરી છે જેમાંથી મોટાભાગના એક જ ગ્રુપના સભ્યો છે. બ્લાસ્ટમાં ઈન્ટરનેશનલ યુનિટને લઈને પણ તપાસ કરવામાં આવી રહી છે. શ્રીલંકા સરકારે રાષ્ટ્રીય શોકની પણ જાહેરાત કરી દીધી છે. ઉંડી તપાસનો દોર હજુ પણ ચાલી રહ્યો છે.

ચૂંટણી પ્રચારની ઉત્તેજનામાં 'ચોકીદાર ચોર હે' બોલ્યો હતો : રાહુલ ગાંધી

'ચોકીદાર ચોર હૈ': રાહુલ ગાંધીએ બે હાથ જોડી સુપ્રિમ કોર્ટમાં માફી માગી

ન્યુ દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ રાફેલ ખરીદીના મામલામાં સુપ્રીમ કોર્ટનો હવાલો આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આપેલા 'ચોકીદાર ચોર હૈ' નિવેદન પર ખેદ વ્યક્ત કર્યો છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલ એફિડેવિટમાં રાહુલ ગાંધી એ કહ્યું કે ચૂંટણી પ્રચારના જોશમાં એવું કહી દીધું હતું. તેમણે સુપ્રીમ કોર્ટની નોટિસના જવાબમાં એમ પણ કહ્યું કે ભવિષ્યમાં ક્યારેય ફરીથી કોર્ટને લઈ કોઈપણ પ્રકારની ટિપ્પણી કે નિષ્કર્ષનો ઉપયોગ મીડિયાની સામે રાજકીય નિવેદનમાં ત્યાં સુધી નહીં કરે જ્યાં સુધી કોર્ટમાં આવી વાતો રેકોર્ડ ના થઈ હોય.



ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે લીક દસ્તાવેજોની વેલિડ માનતા રાફેલ ડીલ પર પુનઃર્વિચાર સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ રાહુલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાંધતા કહ્યું હતું કે હવે તો સુપ્રીમ કોર્ટે પણ કહી દીધું કે 'ચોકીદાર ચોર હૈ'. રાહુલના આ નિવેદન પર ભાજપ સાંસદ મીનાક્ષી લેખી એ અરજી કરી રાહુલ ગાંધીની વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટની અવમાનનાની ફરિયાદ નોંધાવી હતી. લેખીની અરજી પર સુનવણી કરતાં ચીફ જસ્ટિસ રંજન ગોગોઇના નેતૃત્વવાળી બેન્ચે કહ્યું હતું કે કોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિરૂદ્ધ આવી કોઇ ટિપ્પણી કરી નથી. કોર્ટે કહ્યું હતું કે રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટના નિવેદનને ખોટું ગણાવ્યું છે. કોર્ટે કોંગ્રેસ અધ્યક્ષને નોટિસ રજૂ કરી ૨૨ એપ્રિલ સુધીમાં જવાબ આપવાનું કહ્યું હતું.

ચીફ જસ્ટિસ રંજન ગોગોઇના નેતૃત્વવાળી બેન્ચે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિરૂદ્ધ કોઇ ટિપ્પણી કરી નથી. રાહુલ ગાંધી પર સુપ્રીમ કોર્ટના નિવેદનને ખોટી રીતે રજૂ કર્યાનો આરોપ છે. સુપ્રીમ કોર્ટમાં કેસની સુનવણી મંગળવારના રોજ થશે. આ કેસની સુનવણી દરમ્યાન કોર્ટે કહ્યું હતું કે અમે એ સ્પષ્ટ કરીએ છીએ કે રાહુલ ગાંધી એ આ કોર્ટનું નામ લઈને રાફેલ સોદા અંગે મીડિયા અને પ્રજામાં જે પણ કંઇ કહ્યું તેને ખોટી રીતે રજૂ કરાયું.

પૂર્વ તા.પંચાયત પ્રમુખ સહિત ૫ શખ્સો વિરુદ્ધ સામુહિક દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ

બનાસકાંઠા

બનાસકાંઠાના લાખણીના પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ સહિત પાંચ લોકો સામે ગેંગરેપની ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આરોપીઓએ લગ્ન કરવાના ઈરાદે યુવતીનું અપહરણ કરવામાં આવ્યું હતું. અને ત્યારબાદ તેની સાથે વારા ફરથી દુષ્કર્મ આચર્યું હતું. આ સિવાય બળાત્કાર બાદ યુવતી પાસેથી સોનાના દાગીના સહિત રૂપિયા ૮૫ હજારની મતાની લૂંટ ચલાવી હતી. અને ત્યારબાદ યુવતીને છોડી મુકી હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.

આ અંગે યુવતીએ બનાસકાંઠાના ભાજપ, કોંગ્રેસના નેતાઓ સામે ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાના પગસલે સ્થાનિક લોકોમાં રોષ ફેલાયો છે. પોલીસે પીડિતાની ફરિયાદના આધારે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથધરી છે.

લાખણી પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ મહેશ દવેએ ફરિયાદ આક્ષેપ ખોટા ઠરાવ્યા છે, અને જણાવ્યું છે કે, યુવતીએ ગેંગરેપની ફરિયાદ રાજકીય વેરભાવ ઈરાદે કરાઈ છે. ફરિયાદીએ અગાઉ હાઈકોર્ટમાં પોતાના પૂર્વ પતિ અને હાલના આરોપી સાથે મરજીથી રહેવાનું નિવેદન આપેલ છે. હાઈકોર્ટમાં યુવતીએ આપેલ નિવેદન અને હાલની ફરિયાદમાં યુવતીના ભિન્ન ભિન્ન નિવેદન દેખાઈ રહ્યા છે. આ ઘટનામાં અંદાજે ૮ માસ બાદ અપાયેલી ફરિયાદ બદઈરાદાવાળી છે.

તાલાલામાં ૨.૮ની તીવ્રતાનાં ભૂકંપથી લોકોમાં દોડધામ મચી

રાજકોટ

તાલાલાના લોકોને સોમવારે ભૂકંપનો મોટો ઝાટકો અનુભવાયો હતો. તાલાલામાં સોમવારે સવારે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેથી લોકો ડરીને ઘરની બહાર નીકળી ગયા હતા.

તાલાલામાં સોમવારે સવારે ૯.૩૬ કલાકે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો ઝાટકો અનુભવાયો હતો. જેને કારણે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ તાલાલાથી ૧૭ કિમી ઈસ્ટ નોર્થ ઈસ્ટમા હતું. ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં ભૂકંપના આંચકા છાશવારે અનુભવાતા હોય છે. જેથી લોકો પણ હવે સતર્ક થઈ ગયા છે. ગુજરાત ભારતીય તકતી અને યુરેશિયન તકતીઓની સીમાઓથી ૪૦૦ કિમી અંદર આવેલું છે, પરંતુ આ તકતીઓ વચ્ચે સતત સીમા પર અથડામણ થતી રહે છે. જેને કારણે ભાવનગર, કચ્છ, તલાલા જેવા સ્થળોની નજીક સતત આંચકા આવતા રહે છે.

મોદીએ નથુરામ ગોડસેની જાહેર ટીકા કરવી જોઈએ

ભારત માતા કી જય બોલવા તૈયાર છું, વંદે માતરમ નહીં ગાઉંઃ અબ્દુલ બારી સિદ્દીકી

દરભંગા

રાજદ પક્ષના સિનિયર નેતા, બિહાર રાજ્ય સરકારના એક સમયના પ્રધાન અને દરભંગા સંસદીય બેઠકના ઉમેદવાર અબ્દુલ બારી સિદ્દીકીએ કહ્યું કે હું ભારત માતા કી જય બોલવા તૈયાર છું પરંતુ વંદે માતરમ ગીત તો હરગીઝ નહીં ગાઉં.

સિદ્દીકીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ખુલ્લો પડકાર ફેંકતાં કહ્યું હતું કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની હત્યા કરનારા નથુરામ ગોડસેની જાહેરમાં ટીકા કરી બતાવો તો હું તમને સાચા દેશભક્ત કહું. સિદ્દીકીએ નથુરામ ગોડસેને દેશનો પહેલો આતંકવાદી ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે એકેશ્વરવાદમાં માનતી કોઈ વ્યક્તિ કદી વંદે માતરમ ગીત નહીં ગાય. દરભંગા બેઠક પરથી અગાઉ કીર્તિ આઝાદ ત્રણ વખતે સાંસદ રહી ચૂક્યા છે. આ વખતે કીર્તિ આઝાદ ધનબાદથી ચૂંટણી લડી રહ્યા છે. હવે દરભંગા બેઠક પર સિદ્દીકી અને ભાજપના ગોપાલ ઠાકુર વચ્ચે સીધો મુકાબલો છે.

વડાપ્રધાને નાસિકમાં સભા સંબોધી કોંગ્રેસ પર પ્રહારો કર્યા

આ મોદી છે,આતંકીઓને પાતળમાંથી શોધીને પણ તેમનો નાશ કરશેઃ મોદી

હવે આતંક માત્ર જમ્મુ-કાશ્મીર સુધી સમેટાઈ ગયો,ભારતને આંખ દેખાડતા પહેલા ૧૦૦ વખત વિચારશે

નાસિક

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે નાસિકમાંથી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતાં. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, હવે દરેક આતંકીને ખબર છે, હવે દેશના કોઈ પણ ખુણે બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યા, તો આ મોદી છે. તેઓ બરાબર જાણે છે કે, મોદી તેમને પાતાળમાંથી પણ શોધી કાઢશે અને ખતમ કરી નાખશે.

વડાપ્રધાને કહ્યું હતું કે, અમે આતંકવાદની ફેક્ટરીમાં ઘૂસીને તેને ખતમ કરી દીધી. હવે આતંક માત્ર જમ્મુ કાશ્મીર સુધી સમેટાઈ ગયો છે. હવેથી કોઈ પણ ભારતને આંખ દેખાડતાં પહેલાં ૧૦૦ વખત વિચારશે.

પીએમ મોદીએ કહ્યું હતું કે, "દેશમાં એક એવી જમાત પણ છે જે એક દિવસ સરકાર બનાવે છે અને બીજા દિવસે તો તોડી પણ પાડે છે. હું જ્યારે ૨૦૧૪માં પહેલી વખત ચૂંટણી લડી રહ્યો હતો ત્યારે તેઓએ મને કહ્યું હતું કે, વિદેશ નીતિ કઈ રીતે સંભાળીશું? ત્યારે મેં કહેલું કે, અમે દુનિયાની સાથે આંખ નીચી રાખીને કે આંખી ઊંચી કરીને નહીં પણ તેમની આંખમાં આંખ નાંખીને વાત કરીશું. વડાપ્રધાને નાસીકમાં ભાષન દરમિયાન શ્રીલંકામાં થયેલા આતંકી હુમલાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, શ્રીલંકામાં નર રાક્ષસોએ ખૂની ખેલ ખેલ્યો છે. સાથે જ તેમણે કહ્યું હતું કે, મારા અગાઉની સરકારમાં ભારતમાં પણ અનેક જગ્યાએ બોંબ વિસ્ફોટ થતા હતા. ત્યારે અહીં કોંગ્રેસ અને એનસીપીની સરકાર હતી. તેઓ વિસ્ફોટ પછી માત્ર શ્રદ્ધાંજલિ સભાઓ રાખતા હતા. ત્યારે સરકાર રોતી હતી કે પાકિસ્તાન અમારા દેશમાં આવીને આવું કરે છે, તેવું કરે છે. પણ હવે તમારા આ ચોકીદારે કોંગ્રેસ-એનસીપીનો આ ડર ખતમ કરી દીધો છે.

શાંતિપૂર્ણ, સરળતાથી અને સુગમ મતદાન માટે સુરત જિલ્લા ચૂંટણીતંત્ર સુસજ્જ







લોકશાહીના પર્વમાં મતાધીકારનો ઉપયોગ કરી ફરજ અદા કરવા જિલ્લા ચુંટણી અધિકારીની અપીલ

- **૧૮ થી ૧૯ વર્ષની વયના ૮૦,૨૬૬ યુવાનો જીવનનું પ્રથમ મતદાન કરશે**
- **મતદાન મથકોમાં પીવાનું પાણી અને મેડિકલ ટીમની સુવિધાઃ**
- **જિલ્લાના ૪,૫૩૨ મતદાન મથકોમાં ચૂંટણી પ્રક્રિયા માટે તાલીમબદ્ધ ૭૭૨૩ પુરૂષ અને ૬૬૪૨ મહિલાઓ સહિત કુલ ૧૫,૬૬૩ કર્મચારીઓ તૈનાત**
- **મહિલા સંચાલિત ૮૦ સખી મતદાન મથકો તેમજ દિવ્યાંગજન દ્વારા સંચાલિત ૧૬ મતદાન મથકો**
- **સુરત જિલ્લાના કુલ ૪૨,૪૧,૭૯૧ મતદારો મતદાન પર્વની ઉજવણી કરી લોકશાહીને વધુ મજબુત બનાવશે.**
- **જીવનમાં સૌથી વધુ ચૂંટણીઓના સાક્ષી બનેલા સુરત જિલ્લાના ૩૫૫ શતાયુ મતદારો પણ મતદાન કરશે**

સુરત

રાજ્યમાં ૨૩મી એપ્રિલે યોજાનારી લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૯ અંતર્ગત સુરત જિલ્લાની બેઠકો માટે જિલ્લા ચુંટણી તંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી છે, અને શાંતિપૂર્ણ, સરળતા મતદાન થાય તે માટે સુરત જિલ્લા ચૂંટણીતંત્ર સુસજ્જ છે. જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડો.ધવલ પટેલે જિલ્લાના મતાદરોને લોકશાહીના મહાપર્વમાં મતદાનની પવિત્ર ફરજ અદા કરવા અપીલ કરી છે.

જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા લોકસભાની ચુંટણી સમયે ઉનાળાની અસહ્ય ગરમીને ધ્યાને લઇ મતદારો માટે પીવાનું પાણી, મેડિકલ ટીમ જેવી જરૂરી સુવિધાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે. આકસ્મિક સંજોગોમાં કોઈ કર્મચારી-મતદાતાને જરૂર પડે તો પ્રાથમિક સારવાર હેતુ મોબાઈલ મેડિકલ ટીમો સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

સુરત જિલ્લાના કુલ ૪૨,૪૧,૭૯૧ મતદારો મતદાન પર્વની ઉજવણી કરી લોકશાહીને વધુ મજબુત બનાવશે. જેમાં ૨૨,૯૫,૨૭૫ પુરૂષ મતદારો તથા ૧૯,૪૬,૪૦૧ મહિલા મતદારો તેમજ ત્રીજી જાતિના ૧૧૫ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. મતદાન માટે કુલ ૪૫૩૨ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. સરળ ચૂંટણી પ્રક્રિયા માટે ૫૩૫૦ કંટ્રોલ યુનિટ, ૫૩૪૫ બેલેટ યુનિટ તથા ૪૯૫૩ વીવીપેટ (રિઝર્વ સહિત) ની વ્યવસ્થા કરવામાં આવી છે. સુરત જિલ્લામાં લોકશાહીને વધુ મજબુત કરતા અને જીવનમાં સૌથી વધુ ચૂંટણીઓના સાક્ષી બનેલા સુરત જિલ્લાના ૩૫૫ શતાયુ મતદારો પણ મતદાન કરશે.

૨૪-સુરત સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ ઓલપાડ, સુરત-પૂર્વ, સુરત ઉત્તર, વરાછા, કરંજ, કતારગામ, સુરત પશ્ચિમ વિધાનસભા વિસ્તારોમાં કુલ ૧૬,૫૫૬૫૮ લાખ મતદારો જેમાં ૮,૯૧,૨૯૯ પુરૂષ મતદારો તથા ૪,૬૪,૩૦૦ મહિલા મતદારો તેમજ અન્ય ૫૯ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. જયારે ૨૩-બારડોલી સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ બારડોલી, કામરેજ, મહુવા, કામરેજ અને માંડવી વિધાનસભાના ૧૩,૫૧,૪૯૩ મતદારો જેમાં ૭૦૧૨૬૫ પુરૂષ મતદારો તથા ૬૫૦૨૧૨ મહિલા મતદારો તેમજ ૧૬ અન્ય મતદારો મતદાનનો ઉપયોગ કરશે. જયારે ૨૫-નવસારી સંસદીયમાં સમાવિષ્ટ સુરતની લિંબાયત, ઉધના, મજુરા અને ચોર્યાસી વિધાનસભા વિસ્તારોના ૭,૦૨,૭૧૧ પુરૂષ મતદારો અને ૫,૩૧,૮૯૯ મહિલા મતદારો તથા અન્ય ૪૦ મતદારો મળી કુલ ૧૨,૩૪,૬૪૦ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

લોકસભાની ચુંટણીમાં સુરત જિલ્લામાં ૮૦,૨૬૬ જેટલા ૧૮ થી ૧૯ વર્ષની વયના યુવાનો પ્રથમ વખત પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કરશે. સાથોસાથ મહિલાઓ દ્વારા સંચાલિત ૮૦ સખી મતદાન મથક ઉભા કરવામાં આવ્યા છે, તેમજ ૧૬ મતદાન મથકો દિવ્યાંગજન દ્વારા સંચાલિત હશે. જિલ્લાના ૫,૦૦૦ થી વધુ દિવ્યાંગ મતદારો માટે ખાસ સુવિધા તથા ૨૧૧ અશક્ત મતદારો માટે વ્હીલચેરની પણ વ્યવસ્થા જિલ્લા ચુંટણીતંત્ર દ્વારા કરવામાં આવી છે. દરેક મતદાન મથકે મતદાન મથકની માહિતી, ઓળખના માન્ય પુરાવાઓની યાદી, કઈ રીતે મતદાન કરવુ તેની માહિતી તથા અન્ય જરૂરી સૂચનાઓ પોસ્ટર દ્વારા મૂકવામાં આવશે.

લોકસભા સામાન્ય ચુંટણી દરમિયાન જિલ્લાના ૪૫૩૨ મતદાન મથકો પર ચૂંટણી કામગીરી માટે રિઝર્વ સ્ટાફ સહિત ૪,૯૮૫ પ્રિસાઈડીગ ઓફિસર, ૪,૯૮૫ આસિ. પ્રિસાઈડીગ ઓફિસર(પ્રથમ પોલીંગ), ૧૧૯૩ પોલીંગ અને ૪૫૦૦ જેટલા વર્ગ-૪ના કર્મચારીઓ ફરજ બજાવશે. આમ, તાલીમબદ્ધ ૭,૭૨૩ પુરૂષ અને ૬,૬૪૨ મહિલાઓ મળી કુલ ૧૫,૬૬૩ કર્મચારીઓને વિવિધ કામગીરી માટે તૈનાત કરવામાં આવ્યા છે.

સુરત જિલ્લામાં સમાવિષ્ટ ૧૬ વિધાનસભા વિસ્તારમાં ચુંટણી શાંતિપૂર્ણ અને સુદ્રઢ રીતે સંપન્ન થાય તેના ભાગરૂપે મતદાન પર બારીકાઈની નજર રાખવા માટે ૨૪-સુરત સંસદીય મતદાર વિભાગમાં ૭૫ સહિત કુલ ૧૬૮ જેટલા માઈક્રો ઓબ્ઝર્વર તહેનાત રહેશે. આ ઓબ્ઝર્વરો સવારે ૭.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી મતદાનની ગતિવિધિઓ પર નજર રાખી સીધા મુખ્ય ઓબ્ઝર્વરને તમામ ચુંટણીલક્ષી વિગતોથી વાકેફ કરશે.

ચૂંટણી તંત્ર દ્વારા મતદાન સંબંધિત જાણકારીની કુલ ૧૪,૪૦,૦૦૦ મતદાતા માર્ગદર્શક પુસ્તિકા મુદ્રિત કરી તેમનું બી.એલ.ઓ દ્વારા વિતરણ કરવામાં આવ્યુ છે.

ચુંટણી સંબંધિત ફરિયાદ નિવારણ વ્યવસ્થાના ભાગરૂપે C-Vigil એપ્લીકેશન, NGRS, CPGRAMS તથા PG પોર્ટલ પરથી મળેલ ફરીયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. ૧૯૫૦ હેલ્પલાઈન પર ૩,૫૦૦ ફરિયાદો આવી હતી, જેનો નિકાલ કરવામાં આવ્યો છે. સી-વિજિલ પર નોંધાયેલી ૧૪૨ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. હવે કોઇ ફરિયાદ પેન્ડિંગ નથી એમ નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી સી.પી.પટેલ દ્વારા જણાવાયું છે.

૨૩મી એપ્રિલે આમ જનતા માટે મતદાન પ્રારંભ થાય તે પહેલા સવારે ૬.૦૦ વાગ્યે મોક પોલ યોજાશે. ત્યારબાદ સવારે ૭.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા દરમિયાન મતદાન યોજાશે.

ચૂંટણી દરમિયાન ૧૯ એમ.સી.સી. ટીમ, ૪૯ ફ્લાઈંગ સ્કવોડ, ૪૮ સ્ટેટિક સર્વેલન્સ ટીમ કાર્યરત રહેશે. સુરત જિલ્લામાં આચારસંહિતાના ચુસ્ત અમલ માટે જાહેર સ્થળોએ લગાવેલા રાજકીય સૂત્ર- જાહેરાતો હટાવવામાં આવ્યા હતા. મતદાતા જાગૃતિ માટે કાર્યક્રમ સ્વિપ- SVEEP (Systematic Voters' Education and Electroal Participation) અંતર્ગત મહિલા અને દિવ્યાંગ મતદારોની જાગૃતિ માટેના કાર્યક્રમો સહિત વિવિધ રચનાત્મક પ્રયાસો કરવામાં આવ્યા છે.

કોઈપણ નાતજાત, ધર્મ જાતિના ભેદભાવ વિના લોકશાહીના મહાપર્વમાં મતદાન કરવાનો અનુરોધ કરતા જિલ્લા ચુંટણી અધિકારી ડો.ધવલ પટેલ

સુરત સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ સાત ઈ.વી.એમ.ડિસ્પેચીંગ/રિસીવિંગ સેન્ટરોની મુલાકાત લઈ અધિકારી-કર્મચારીઓને પ્રોત્સાહિત કરતા જિલ્લા ચુંટણી અધિકારીઃ

સુરત

લોકસભાની સામાન્ય ચુંટણી અંતર્ગત ૨૪-સુરત સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ સાત વિધાનસભા મત વિસ્તારોના મતદાન મથકો માટે ચુંટણીમાં રોકાયેલા કર્મચારીઓ દ્વારા ડિસ્પેચીંગ એન્ડ રિસીવીંગ સેન્ટરો ખાતેથી ઈ.વી.એમ/વીવીપેટ સહિતની સામગ્રીઓની ફાળવણી કરવામાં આવી હતી. આ વેળાએ જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી ધવલ પટેલે તમામ સાત સેન્ટરોની મુલાકાત લઈને લોકશાહીના મહાપર્વમાં રોકાયેલા અધિકારી-કર્મચારીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આજે મતદાનમાં રોકાયેલા અધિકારી-કર્મચારીઓની ટુકડીઓ ઈ.વી.એમ./વી.વી.પેટની સામગ્રી સુરત સંસદીય મતદાર વિભાગના ૧૬૮૧ મતદાન મથકોએ વાહનો દ્વારા રવાના કરવામાં આવી હતી.

નાનપુરા ખાતે આવેલી ટી. એન્ડ ટી.વી. સાર્વજનિક હાઈસ્કુલ ખાતે ૧૫૯-સુરત પુર્વના સેન્ટર ખાતે મીડિયાના પ્રતિનિધિઓને જિલ્લા ચુંટણી અધિકારીશ્રી પટેલે કોઈપણ નાતજાત, ધર્મ જાતિના ભેદભાવ વિના લોકશાહીના મહાપર્વમાં સૌ કોઈ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને વધુમાં વધુ મતદાન કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, સુરત જિલ્લામાં ૪૨ લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. દિવ્યાંગો માટેની વ્યવસ્થાની વિગતો આપતા કહ્યું કે, દિવ્યાંગો માટે વ્હીલચેર, સહાયકોની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ બ્રેઈલ મત પત્રો દરેક પોલિંગ મથકો પર ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. હીટવેવને ધ્યાને લઈ દરેક ડિસ્પેચીગ સેન્ટરો પર આરોગ્યની ટીમો તહેનાત રહેશે.

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના કડોદ ગામે નાટયકૃતિ દ્વારા મતદાન જાગૃતિનો સંદેશો આપ્યોઃ

સુરત

ભારતીય ચુંટણીપંચ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણી અંતર્ગત આવતીકાલ તા.૨૩મી એપ્રિલના રોજ થનારા મતદાનમાં સુરત શહેર-જિલ્લાના લોકો વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદારોને જાગૃત કરવા માટે નાટયકૃતિની સાથે ગામે ગામમાં મતદાર જાગૃતિ માટેના કાર્યક્રમો થઈ રહ્યા છે. સુરત જિલ્લાના મહુવા તાલુકાના વલવાડા, બારડોલીના કડોદ ગામે નાટયકૃતિ દ્વારા 'જાગો મતદાર, જાગો', '૨૩મી એપ્રિલે ગુજરાત કરશે મતદાન' 'મતદાન મહાદાન', '૧૦૦ટકા મતદાન, એજ અમારો નિર્ધાર' જેવા સુત્રોચ્ચાર સાથે ગામ લોકોને મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી હતી. જયારે સુરત મહાનગરપાલિકાના પનાસ વિસ્તારમાં પણ મતદાર જાગૃતિ વાન દ્વારા વિવિધ પોસ્ટરોથી મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતા.

૨૪-સુરત સંસદીય મતદાર વિભાગમાં ૧૬,૫૫,૬૫૮ મતદારો ૧૩ ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ.માં શીલ કરશે

જિલ્લા ચુંટણી અધિકારી ડો.ધવલ પટેલ તથા પોલિસ કમિશનરશ્રીએ મતદાન મથકોની મુલાકાત લઈ તૈયારીઓને આપ્યો આખરી ઓપઃ ટી.એન્ડ ટીવી સાર્વજનિક હાઈસ્કુલ ખાતે ઉભા કરવામાં આવેલા મતદાન મથકોની મુલાકાત લઈ ચુંટણીના કાર્યમાં જોડાયેલા અધિકારી-કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવીઃ



સુરત

લોકસભાની સામાન્ય ચુંટણી અંતર્ગત આવતીકાલ તા.૨૩મી એપ્રિલના રોજ લોકશાહીના મહાપર્વ સમી ચુંટણી મુકત, ન્યાયી અને નિષ્પક્ષ થાય તે માટે ચુંટણી તંત્ર સજજ છે. આજ મોડી સાંજે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડો.ધવલ પટેલ તથા પોલીસ કમિશનરશ્રી સતિશ શર્માએ ટી.એન્ડ ટીવી સાર્વજનિક હાઈસ્કુલ ખાતે તૈયાર કરવામાં આવેલા મતદાન બુથોની મુલાકાત લઈ ચુંટણીની કામગીરીમાં રોકાયેલા પ્રિ-સાઈડીગ ઓફિસરો, પોલીસ કર્મીઓ તથા અન્ય કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

નાનપુરા ટી.એન્ડ ટીવી હાઈસ્કુલ ખાતે સખીમતદાન મથક, દિવ્યાંગ મતદાન મથકો પણ ઉભા કરવામાં આવ્યા છે જેની પણ જિલ્લા ચુંટણી અધિકારીએ મુલાકાત લઈ કર્મયોગીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. ૨૪-સુરત સંસદીય મતદાર વિભાગના કુલ ૮,૯૧,૨૯૯ પુરૂષ મતદારો તથા ૪,૬૪,૩૦૦ મહિલા મતદારો તેમજ અન્ય ૫૯ મતદારો મળી ૧૬,૫૫૬૫૮ લાખ મતદારો ૧૩ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ કરશે.

ચુંટણીતંત્ર દ્વારા વધુ મતદાન થાય તે માટે વિધાનસદીઠ પાંચ સખીમતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. જેમાં તમામ સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવશે. નાનપુરા બુથ-૧૨૫-૮ આર.ડી.કોન્ટ્રાકટર હાઈસ્કુલ, ખાતે તથા ટી.એન્ડ ટી.વી. હાઈસ્કુલ ખાતે સખી મતદાન મથકો ઉભા કરાયા છે. આ ઉપરાંત દિવ્યાંગ મતદારો માટે પણ વિધાનસભાદીઠ એક મતદાન મથક ઉભુ કરવામાં આવ્યું છે.

તંત્રી સ્થાનેથી...

ગુજરાત પર બધાની નજર

ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે આવતીકાલે ૨ ઉમી એપ્રિલસના દિવસે તમામ ૨૬ સીટ પર એક સાથે મતદાન થનાર છે ત્યારે આ વખતે વર્ષ ૨૦૧૪ની ચૂંટણીની જેમ ભારતીય જનતા પાર્ટી તમામ ૨૬ સીટ પર જીત મેળવી શકશે કે કેમ તેની ચર્ચા રાજકીય પંડિતોમાં ચાલી રહી છે. જો કે મોટા ભાગના રાજકીય નિષ્ણાંતો કહે છે કે આ વખતે તમામ ૨૬ સીટ પર ભારતીય જનતા પાર્ટી જીત મેળવી શકે તેવી શક્યતા ઓછી છે. ગુજરાત ભારતીય જનતા પાર્ટીના ગઢ તરીકે છે. જો કે વર્ષ ૨૦૧૯ના પરિણામને લઈને ગુજરાત પર નજર રહેનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહના વતન રાજ્ય હોવાના કારણે આના પર ખાસ નજર રહેનાર છે. વર્ષ ૧૯૯૮માં ભારતીય જનતા પાર્ટીએ ૨૬ સીટ પૈકી ૧૯ સીટ ભાજપે જીતી હતી. જ્યારે વર્ષ ૧૯૯૯માં ભાજપે ૨૦ સીટ જીતી હતી. જો કે ૨૦૦૨ માં ગોધરા રમખાણ બાદ સમીકરણ બદલાયા હતા જેથી વર્ષ ૨૦૦૪માં ભારતીય જનતા પાર્ટીને ૧૪ સીટ મળી હતી. જ્યારે કોંગ્રેસને ૧૨ સીટ મળી હતી. ૨૦૦૯માં સીમાંકન બાદ કોઈ ખાસ અસર દેખાઈ ન હતી. ભાજપે એ વખતે ૧૫ સીટો જીતી લીધી હતી. જો કે જો કે એ વખતે મોદી ગુજરાતમાં જીત મેળવતા રહ્યા હતા. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં મોદી લહેર દેશભરમાં જોવા મળી હતી. જેમાં ગુજરાતની તમામ ૨૬ સીટ ભારતીય જનતા પાર્ટીએ જીતી લીધી હતી. વર્ષ ૨૦૧૭માં વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ જોરદાર વાપસી કરી હતી. ભાજપે મોદીના નામ પર મત માંગ્યા છે. આ વખતે પણ સ્થાનિક મુદ્દા અને ચહેરા એટલા મહત્વપૂર્ણ દેખાઈ રહ્યા નથી. જો કે વર્ષ ૨૦૧૭ વિધાનસભાની અસર દેખાઈ રહી છે. જેના કારણે ભારતીય જનતા પાર્ટીને નુકસાન થઈ શકેછે. મતદારો ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં નાખુશ છે. જેનો લાભ કોંગ્રેસ પાર્ટી ઉઠાવી શકે છે. શહેરી વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટી ખુબ મજબુત છે પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં તેની સ્થિતી નબળી બની છે. ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટમાં ભારતીય જનતા પાર્ટીની સ્થિતી ખુબ મજબુત છે. જો કે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને આદિવાસી વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટીને નુકસાન થઈ શકેછે. ઉત્તર ગુજરાતમાં બનાસકાઠા, પાટણ અને સાબરકાઠામાં કોંગ્રેસ ટક્કર આપી શકે છે. મહેસાણામાં નજીકની સ્પર્ધા રહી શકે છે. મહેસાણામાં પટેલ સમુદાયના લોકો હવે તમામ ભારતીય જનતા પાર્ટી સાથે દેખાતા નથી. કોંગ્રેસ તરફ પણ મતદારો વધ્યા છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ખેડુતની સમસ્યા, પાણીની સમસ્યા મુખ્ય મુદ્દા બનેલા છે. છોટા ઉદયપુર, પંચમહાલ, ડાંગ જિલ્લામાં મતદારો ખેતરોમાં પાણીની સમસ્યાને લઈને હોબાળો કરી રહ્યા છે. સિંચાઈના પાણીને લઈને પણ હોબાળો કરવામાં આવી રહ્યો છે. આ તમામ બાબતોને જોતા કોંગ્રેસ કેટલીક બેઠકો પર ટક્કર આપી શકે છે. તમામ સીટો વર્ષ ૨૦૧૪ની જેમ જીતવા માટેની બાબત ભારતીય જતા પાર્ટી માટે સરળ નથી. જો કે ભારતીય જનતા પાર્ટીએ આના માટે તાકાત લગાવી દીધી છે.

ખુલ્લા પગે રનિંગની સલાહ

અમેરિકામાં રમત ગમત સાથે સંકળાયેલા મેડીસીન નિષ્ણાંતે દાવો કર્યો છે કે શૂઝ પહેરીને રનીંગ કરવાના બદલે ખુલ્લા પગે રનીંગ કરવાથી ફાયદો થાય છે. તેમણે કહ્યું છે કે શૂઝ પહેરીને ભાગવાથી લાભ ઓછા થાય છે, ઈજા થવાનો પણ ખતરો રહે છે. હાવર્ડ યુનિવર્સિટીના મેડીસીન નિષ્ણાંત આઈ ડેવીસે કહ્યું છે કે તેઓ ખુલ્લા પગે ભાગવામાં અને ખૂબ ઓછા પ્રમાણમાં ફૂટવેર પહેરીને ભાગવાના મામલામાં વ્યાપક અભ્યાસ કરી ચૂક્યા છે અને એવું જાણવા મળ્યું છે કે નગ્ન પગે ભાગવાથી ફાયદો થાય છે. આનાથી પગની કસરત વધુ સારી રીતે થાય છે. એબીસી સાયન્સના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે નગ્ન પગે ભાગવાના લીધે શારીરિક કસરતની સાથે સાથે પગને વધુ આરામ મળે છે. કુદરતી રીતે થતી કસરત વધુ ફાયદો આપે છે. જો કે કેટલાક લોકોનું કહેવું છે કે શૂઝ પહેરવાથી જમીનની સપાટી ઉપર પડેલા નાનકડા પથ્થરો વાગી જવાનો ખતરો રહે છે. પરંતુ આ બાબતથી અન્ય લોકો સહમત નથી. ડેવિસે એમ પણ કહ્યું છે કે હિલ પહેરીને ભાગવાની બાબત ખૂબ જ ખતરનાક છે. આના લીધે પગમાં વાગી જવાનો ખતરો સૌથી વધારે રહેલો છે. રનીંગ કરતી વેળા પણ કેટલીક સાવધાની રાખવી ખૂબ જરૂરી બની ગઈ છે. વર્ષ ૨૦૧૧ના ઓસ્ટ્રેલિયન કોન્ફરન્સમાં આ અહેવાલના તારણો રજૂ કરવામાં આવી ચૂક્યા છે. આ તારણો સાથે ઘણા લોકો સહેમત નથી. નગ્ન પગે ભાગવાથી અન્ય ફાયદાઓ શું છે તે અંગે આમા વધારે માહિતી આપવામાં આવી નથી પરંતુ આ પરિણામના કારણે વધુ અભ્યાસ તરફ પ્રેરીત કરી શકે છે. ડેવિસનું કહેવું છે કે નગ્ન પગે ભાગવાથી પગના તમામ સ્નાયુમાં મજબૂતી આવે છે.

સાવધાની : વધુને વધુ પ્રમાણમાં પાણી પીવાની ટેવથી રાહત થાય છે

તીવ્ર ગરમીમાં ડિહાઈડ્રેશનનો ભય

દેશના જુદા જુદા ભાગોમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. ઈમરજન્સીના કેસો પણ વધી રહ્યા છે. જેમાં પેટમાં દુખાવો, ચક્કર આવી જવા, બ્લડ પ્રેશરનો સમાવેશ થાય છે. ગરમીથી બચવા માટે લોકો હવે જુદા જુદા જત કરવા લાગી ગયા છે. ઉનાળાના ગાળામાં સ્વસ્થ રહેવા માટે ઘણી ટિપ્સ ઉપર ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે. ઉનાળાનો મતલબ મોજમસ્તી અને આનંદ છે પરંતુ લોકો ઘણી વખત ભૂલી જાય છે કે વધતી જતી ગરમી નુકાસ પહોંચાડી શકે છે. ઉનાળાની તીવ્ર ગરમી માત્ર શરીરને જ નુકસાન કરતી નથી બલ્કે સ્કીનને પણ નુકશાન પહોંચાડે છે. આ સમસ્યાઓમાં ડિહાઈડ્રેશન વધુ સમસ્યા સર્જી શકે છે જેનાથી વધુ તકલીફ અને ઘણી બિમારીઓનો ખતરો વધી જાય છે. આવી સ્થિતિમાં ઉનાળાની તીવ્ર ગરમીમાં પરિવારના સભ્યો બહાર નિકળવાનું ટાળે છે. ડિહાઈડ્રેશન અથવા તો ઈન્ફેક્શનનો ખતરો ગરમીના લીધે વધી જાય છે. ગરમીથી બચવા અને સ્વચ્છ રહેવા માટે નિષ્ણાંતો કેટલીક સલાહ આપે છે. તેમનું કહેવું છે કે ડિહાઈડ્રેશનની સમસ્યાને ટાળવા માટે વધારે પ્રમાણમાં પાણી અને લીકવીડનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. લીકવીડમાં નારિયેળ પાણી અને છાશનો સમાવેશ થાય છે. ડો. મુકેશ બતરાનું કહેવું છે કે ભારતમાં ગરમી અને બફારાના કારણે અન્ય જે સમસ્યાઓ થઈ શકે છે તેમાં તાવનો પણ સમાવેશ થાય છે. ચામડીને લગતી સમસ્યાનો પણ ખતરો રહે છે. નિષ્ણાંતોએ ગરમીથી બચવા માટે વધારે પડતી ફાય કરવામાં આવેલી ચીજવસ્તુઓ ટાળવાની સલાહ આપે છે. આ ઉપરાંત વધુ પ્રમાણમાં ફેટ ધરાવતી વસ્તુઓ ન ખાવાની પણ સલાહ આપે છે. કારણ કે આનાથી પ્રાચનની પ્રક્રિયા નબળી પડે છે. સ્કીનને પણ અસર થાય છે. ચા અને કોફીના પ્રમાણને ઘટાડવાની પણ સલાહ આપવામાં આવે છે.



ડિહાઈડ્રેશનની સ્થિતીમાં અનેક બિમારીનો ખતરો વધી જાય છે : જમતી વેળા વારંવાર પાણી પીવાની ટેવ પાચનશક્તિને નુકસાન કરે છે

વધારે પ્રમાણમાં ચા અને કોફીથી યુરિનેશન વધે છે જેનાથી વધુ પાણી શરીરમાં ઘટે છે. વધારે પડતું ભોજન નહીં લેવાની પણ સલાહ આપવામાં આવે છે. ઉપરાંત સિગારેટ અને શરાબનું સેવન નહીં કરવા પણ કહેવામાં આવ્યું છે. ટાઈટ ફિટિંગ વસ્ત્રોથી દૂર રહેવાની પણ તબીબો અને નિષ્ણાંતો સલાહ આપે છે.જમતી વેળા વધુ પ્રમાણમાં પાણી પીનાર લોકો માટે કેટલીક નવી ચેતવણી જારી કરવામાં આવી છે. આધુનિક સમયમાં મોટાભાગના બાળકો અને મોટી વયના લોકો પણ જમતી વેળા પુરતા પ્રમાણમાં પાણી પીવે છે. પરંતુ નવા અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે જમતી વેળા અથવા તો ભોજન વચ્ચે પાણીનો ઉપયોગ કરવો જોઈએ નહીં. આનાથી પાચન શક્તિને માઠી અસર થાય છે. ભોજન દરમિયાન પાણી પીવાથી પેટની પાચન શક્તિમાં ઘટાડો થાય છે. સાથે સાથે ઈન્સ્યુલીનના પ્રમાણમાં પણ ફેરફાર કરે છે. માઈક્રોબાયોટિક અભ્યાસમાં આ મુજબની ચેતવણી આપવામાં આવી છે. શરીરમાં વધુ પાણી ખૂબ જ જરૂરી છે. પરંતુ જમતી વેળા વધુ પાણીનો ઉપયોગ યોગ્ય નથી. જમવાની સાથે પાણીના પ્રમાણને ઘટાડવામાં આવે તે જરૂરી છે. આનાથી એક બાજુ તરસ છુપાઈ જાય છે પરંતુ પાચન શક્તિને માઠી અસર થાય છે. મોટાભાગના બાળકો અને મોટી વયના લોકો હાલના સમયમાં જમતી વેળા એક બે ગ્લાસ પાણી પી જાય છે. મોટાભાગના ભારતીયો પણ તેમના ભોજન માટે પાણી પીવે છે. સામાન્ય થીયોરી એ છે કે જમતી વેળા ફુડને સાફ કરી દેવામાં આવે છે. આ પ્રથા ખૂબ જ ખોટી છે. તે વાતથી સામાન્ય લોકો વાકેફ નથી. આનાથી પાચન શક્તિ ઉપર ખૂબ જ અસર થાય છે. પાચન શક્તિની સમસ્યાથી પીડાઈ રહેલા લોકો માટે ઘણા નવા ઉપાય સુચવવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવાયું કે પેટમાં એ પ્રકારની વ્યવસ્થા છે જે મુજબ જમતી વેળા પાચનની શરૂઆત થઈ જાય છે. જો આ જ વેળા પાણીનો ઉપયોગ કરવામાં આવશે તો આનો મતલબ એ થયો કે પાચન શક્તિની અંદર જે તત્વો રહેલા છે તેને ઘટાડી દેવામાં આવે છે. સંશોધકોનું કહેવું છે કે ભોજન દરમિયાન ઓછુ પાણી ચિંતાનું કારણ નથી. પરંતુ એક ગ્લાસ અથવા વધુ પાણી પાચન શક્તિને નુકશાન પહોંચાડે છે. ભોજનના બે કલાક બાદ અથવા પહેલા પાણી પીવાથી ફાયદો થાય છે. આનાથી પોષક તત્વોને સહેન કરવાની શક્તિ વધી જાય છે. ભોજન દરમિયાન પાણી પીતી વેળા પ્રક્રિયા કઈ પ્રકારની થાય છે તે અંગે પણ માહિતી આપવામાં આવી છે. ખાવાની ચીજ વસ્તુઓ જ્યારે પેટમાં રહે છે ત્યારે કુદરતી રીતે પાચનની પ્રક્રિયા શરૂ થાય છે. ભોજન વેળા પાણીને ટાળવાની સલાહ તમામ નિષ્ણાંત લોકો સતત આપે છે.

લોકસભા ચૂંટણી : કુલ ૫૪૩ પૈકી ૯૯ સીટો શહેરી તરીકે રહેલી છે

શહેરી કિલ્લામાં ભાજપનુ પ્રભુત્વ

૧૭મી લોકસભાની ચૂંટણી માટે મતદાનનો સિલસિલો જારી રહ્યો છે. પ્રથમ બે તબક્કામાં મતદાન થઈ ચુક્યુ છે. હજુ સુધી કુલ ૧૮૬ સીટ પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. હવે ૨૩મી એપ્રિલના દિવસ ત્રીજા તબક્કામાં મતદાન થનાર છે ત્યારે આ વખતે કોણ બાજી મારી જશે તેને લઈને ચર્ચા શરૂ કરવામાં આવી ચુકી છે. દર વખતની જેમ આ વખતે પણ લોકસભાની ચૂંટણીમાં શહેરી સીટોની ચાવીરૂપ ભૂમિકા રહેનાર છે. વર્ષ ૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટીએ ૫૪ સીટ શહેરી વિસ્તારની જીતી લીધી હતી. જ્યારે કોંગ્રેસને છ સીટ મળી હતી. મોટા ભાગના જાણકાર પંડિતો કહે છે કે શહેરી વિસ્તારોમાં હમેંશા ભારતીય જનતા પાર્ટીની સ્થિતી સારી રહી છે. આ વખતે પણ શહેરી સીટોની ચાવીરૂપ ભૂમિકા રહેનાર છે. વર્ષ ૨૦૦૯માં કોંગ્રેસને અને વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કેન્દ્રમાં સત્તામાં ભાજપને લાવવામાં શહરી સીટો ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસને માત્ર છ સીટ મળી હતી. આ વખતે પહેલા કરતા તો ચોક્કસપણે કોંગ્રેસ પાર્ટીની સીટ વધનાર છે. લોકસભાની ૫૪૩ સીટ પૈકી ૯૯ સીટને શહેરી સીટ તરીકે ગણવામાં આવે છ. છેલ્લી બે લોકસભા ચૂંટણીના ટ્રેન્ડ પર નજર કરવામાં આવે તો શહેરી વિસ્તારના મતદારો મન બદલતા રહે છે. સાથે સાથે શહેરી વિસ્તારની મોટા ભાગની સીટો પર ભારતીય જનતા પાર્ટીને લોકો પસંદ કરે છ. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૪માં કોગ્રેસે ૮૦ સીટો પર અને ભારતીય જનતા પાર્ટીએ ૭૪ સીટો પર પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારી દીધા હતા. ભારતીય જનતા પાર્ટીને મળેલા શહેરી મત તેને રાષ્ટ્રીય સ્તર પર મળેલા



વર્ષ ૨૦૦૯માં કોંગ્રેસન અને ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપને સત્તામાં બેસાડવામાં શહેરી સીટોની ચાવીરૂપ-નિર્ણાયક ભૂમિકા રહી હતી

સરેરાશ મત કરતા વધારે હતા. વર્ષ ૨૦૦૯માં ભારતીય જનતા પાર્ટીને રાષ્ટ્રીય સ્તર પર ૩૧ ટકા મત મળ્યા હતા. જ્યારે શહેરી વિસ્તારમાં ૩૮ ટકા મત મળ્યા હતા. આવી જ રીતે તેને વર્ષ ૨૦૦૯માં શહેરોમાં ૨૩.૬ ટકા મત મળ્યા હતા. જ્યારે રાષ્ટ્રીય સ્તર પર ૧૮.૮ ટકા મત મળ્યા હતા. રસપ્રદ બાબત એ છે કે વર્ષ ૨૦૦૯ની તુલનામાં વર્ષ ૨૦૧૪માં તેના વોટમાં વધારો થયો હતો. આ વખતે તેની સામે શહેરી કિલ્લાને જાળવી રાખવા માટે મોટો પડકાર છે. વર્ષ ૨૦૦૯માં અને વર્ષ ૨૦૧૪માં શહેરી મતદારોવાળી સીટો પૈકી ભાજપ અને કોગ્રેસને ૭૦ ટકા સીટો મળી હતી. વર્ષ ૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટીના ૫૪ સાંસદ શહેર વિસ્તારોમાંથી ચૂંટાઈ આવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીના માત્ર છ શહેરી ઉમેદવારો જીતી શક્યા હતા. આવી જ રીતે વર્ષ ૨૦૦૯માં કોંગ્રેસ પાર્ટીને શહેરી વિસ્તારની ૩૭ સીટો મળી હતી. જ્યારે ભારતીય જનતા પાર્ટીને ૨૪ સીટો મળી હતી. નવી દિલ્હી પૂર્વની વાત કરવામાં આવે તો આ સીટ પર ક્યારય કોઈ પાર્ટીનુ પ્રભુત્વ રહ્યુ નથી. જુદા જુદા રાજકીય પક્ષોની પાર્ટીના ઉમેદવારો જીતતા રહ્યા છે. ચેન્નાઈ મધ્યની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૪માં આ સીટ અન્નાદ્રમુકે જીતી લીધી હતી. ચન્નાઈ ઉત્તરમાં વર્ષ ૨૦૧૪માં આ સીટ અન્નાદ્રમુકના મળી હતી. અમદાવાદ પશ્ચિમ સીટની વાત કરવામાં આવે તો આ સીટ વર્ષ ૨૦૦૮માં બની હતી. વર્ષ ૨૦૦૯ બાદથી ભારતીય જનતા પાર્ટીનુ આ સીટ પર પ્રભુત્વ રહ્યુ છે. વર્ષ ૨૦૦૮થી પહેલા માત્ર અમદાવાદ સીટ હતી. જેના પર વર્ષ ૧૯૮૯થી ભારતીય જનતા પાર્ટીની જીત થતી રહી છે. જયપુર સીટની વાત કરવામાં આવે તો ૧૯૮૯થી ૨૦૦૪ સુધી જયપુરમાંથી ભારતીય જનતા પાર્ટીના ગિરધારી લાલ ભાર્ગવ જીતતા રહ્યા છે. ૨૦૦૯માં કોંગ્રેસ પાર્ટી આ સીટ જીતી હતી. જો કે વર્ષ ૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટીએ ફરી પ્રભુત્વ આ સીટ પર જમાવ્યુ હતુ. કેટલીક એવી સીટ છે જેના પર ભારતીય જનતા પાર્ટી લાંબા સમયથી કબજો ધરાવે છે જેમાં ઈન્દોર, ગાંધીનગર, સુરત, રાજકોટનો સમાવેશ થાય છે.ભોપાલ સીટની વાત કરવામાં આવે તો વર્ષ ૧૯૮૯ બાદથી આ સીટ ભારતીય જનતા પાર્ટી આઠ વખત જીતી લીધી છે.

લખનૌ વર્ષ ૧૯૯૧ બાદથી ભારતીય જનતા પાર્ટીની સીટ રહી છ. આવી જ રીતે વારાણસીમાં વર્ષ ૧૯૯૧ બાદથી માત્ર ૨૦૦૪માં કોંગ્રેસ પાર્ટીની જીત થઈ હતી. ત્યારબાદ ફરી ભારતીય જનતા પાર્ટી આ સીટ પર જોરદાર પ્રભુત્વ ધરાવે છે.

બી એલર્ટ : ગરમ હવા, ધુળ માટીના રજકણથી વધુ નુકસાન

તીવ્ર ગરમી અસ્થમા દર્દી માટે જોખમી

છાતીમાં દુખાવો અને શ્વાસ લેવામાં તકલીફ છે તો સાવધાની રાખવાની જરૂર : હમેંશા થાક અને કમજોરીનો અનુભવ તેના દેખાતા લક્ષણ

રાજ્યભરમાં ગરીબ અને વંચિત જૂથનાં બાળકોને ખાનગી શાળાઓમાં પ્રવેશ માટેનાં ફોર્મ ભરાવવાની ઓનલાઈન પ્રક્રિયા ૨૫ એપ્રિલે પૂરી થયા બાદ હવે ૬ મેના રોજ પ્રવેશની પ્રથમ યાદી બહાર પડાશે. ખાનગી સ્કૂલોમાં પ્રવેશ માટે અરજી કરનારાં બાળકોની કેટેગરીવાઈઝ સોફ્ટવેર દ્વારા પ્રવેશની યાદી તૈયાર કરી જાહેર કરાશે. જે વિદ્યાર્થીને આરટીઈ અતર્ગત પ્રવેશ મળશે તેને એડમિશન કન્ફર્મ કરાવવું પડશે. જો વિદ્યાર્થીના વાલી એડમિશન કન્ફર્મ નહીં કરાવે તો તે વિદ્યાર્થીનું એડમિશન રદ કરવામાં આવશે. આરટીઈ એડમિશન માટે હાલમાં ફોર્મ ભરવાની કામગીરી ચાલી રહી છે. તાજેતરમાં એડમિશન ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. ૧૫મી એપ્રિલની આખરી મુદતને વધારીને ૨૫ એપ્રિલ કરવામાં આવી છે. આરટીઈ એડમિશનની પ્રથમ યાદી ૬ મેના રોજ જાહેર થશે. તે યાદીમાં જેટલા વિદ્યાર્થીઓ સમાવિષ્ટ હશે તે વિદ્યાર્થીના વાલીએ જે તે શાળામાં જઈને એડમિશન કન્ફર્મ કરાવવાનું રહેશે, જેણે એડમિશન કન્ફર્મ નહીં કરાવ્યું હોય અને એડમિશન રદ થયું હશે ત્યાર પછી પ્રથમ રાઉન્ડના અંતે વંચિત વિદ્યાર્થીઓને એસએમએસ દ્વારા ખાલી બેઠક અંગે જાણ કરવામાં આવશે.

દક્ષિણ ગુજરાતમાં કાળઝાળ ગરમી : પારો ૪૦ ડિગ્રી નજીક

આજે પણ તાપમાન ઉંચુ નોંધાશે

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ગરમીનો પારો સતત વધી રહ્યો છેફ. આવતીકાલે સમગ્ર રાજ્યમાં હિટવેવની આગાહી રાજ્યના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે બપોરે શહેરમાં ગરમ પવન ફૂંકાઈ રહ્યો છે. સાંજ સુધી પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૯ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા અને હવાનું દબાણ ૧૦૦૯ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી ગરમ પવન ફૂંકાઈ રહ્યો છે. નવસારીમાં અધિકત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૧ ડિગ્રી નોંધાયું છે. વલસાડમાં અધિકત્તમ તાપમાન ૩૭ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૩ ડિગ્રી નોંધાયું છે.

દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં આવતીકાલે ગરમીનો પારો વધશે તેવી આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા હિટવેવની આગાહીના પગલે વહીવટી તંત્ર સતર્ક થઈ ગયું છે. આવતીકાલે અધિકત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધે તેવી શક્યતા છે.

સ્ટેપ અહેડ પોઝીટીવ મિડીયા અને અમદાવાદ જીલ્લા મિડીયા ક્લબની રાષ્ટ્ર હિતમાં મતદાનની અપીલ











ભારતના સાંસ્કૃતિક ગૌરવની પુનઃ પ્રતિષ્ઠા માટે રાષ્ટ્ર હિતમાં અવશ્ય મતદાન કરવું જ જોઈએ

ન્યુઝ.વિરમગામ

વંદના નીલકંઠ વાસુકિયા

સુરેન્દ્રનગર લોકસભામાં સમાવિષ્ટ વિરમગામ વિધાનસભાના મતદારો સહિત રાજયભરના મતદારોને સ્ટેપ અહેડ પોઝીટીવ મિડીયા અને અમદાવાદ જીલ્લા મિડીયા ક્લબ દ્વારા રાષ્ટ્ર હિતમાં મતદાન કરવામાં માટે અપીલ કરવામાં આવી રહી છે. મતદારોને ભારતના સાંસ્કૃતિક ગૌરવની પુનઃપ્રતિષ્ઠા માટે રાષ્ટ્ર હિતમાં અવશ્ય મતદાન કરવા માટે સમજ આપવામાં આવી હતી.

સ્ટેપ અહેડ પોઝીટીવ મિડીયા અને અમદાવાદ જીલ્લા મિડીયા ક્લબ દ્વારા મતદારોને અપીલ કરતા જણાવવામાં આવ્યુ હતુ કે, "આપણો એક મત બંધારણનું રક્ષણ કરશે. આપણો એક મત લોકતાંત્રિક મૂલ્યોની રક્ષા કરશે. આપણો એક મત ભારતની એકતા અખંડિતતાની રક્ષા કરશે. આપણો એક મત આતંકવાદને જડમૂળથી નાશ કરશે. આપણો એક મત ભ્રષ્ટાચારનો સફાયો કરશે. આપણો એક મત દેશનું ભવિષ્ય નક્કી કરશે અને હા નોટાનું બટન દબાવીને આપણે લોકતંત્રની કોઈ સેવા નથી કરવાના એટલે નોટા નહીં પરંતુ યોગ્ય ઉમેદવાર ને જ મત આપવો જોઈએ. આપણો મત આપણી સેનાના સન્માન માટે. આપણો મત માઁ ભારતીયની રક્ષા માટે. આપણો મત દેશના ઝડપી વિકાસ અને પ્રગતિ માટે. આપણો મત સમતા અને સમરસતા માટે. આપણો મત રાષ્ટ્રવાદને દ્રઢ બનાવવા માટે. આપણો મત સ્થિર અને નિર્ણાયક સરકાર માટે. આપણો મત રાષ્ટ્રીય અસ્મિતાના સન્માન માટે. આપણો મત ભારતના સાંસ્કૃતિક ગૌરવની પુનઃ પ્રતિષ્ઠા માટે. એટલે જ કહીએ છીએ કે રાષ્ટ્ર હિતમાં આપણે અવશ્ય મતદાન કરવું જ જોઈએ."

૨૮૨ ઉમેદવારોએ ચૂંટણી ખર્ચના હિસાબો રજુ કર્યા, આચારસંહિતા ભંગની ૧૮૬ ફરિયાદો

ગાંધીનગર

આજે ૨૩મી એપ્રિલે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન યોજાશે. તે પહેલાં ચૂંટણી પંચ દ્વારા પત્રકાર પરિષદ બોલાવવામાં આવી હતી. જેમાં ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશનર એસ. મુરલીક્રિષ્નને ચૂંટણીને લગતી કેટલીક માહિતી આપી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર એસ. મુરલીક્રિષ્નને જણાવ્યું કે, ૫૧૯૦૭ હથિયારો જમા લેવાયા છે, જ્યારે ૫૨૪.૩૪ કરોડનું ડ્રગ્સ જપ્ત કરાયું છે. ઉપરાંત ૧૧.૧૩ કરોડનો દારૂ જપ્ત કરાયો છે. સાથે જ આવકવેરા વિભાગે ૬.૯૮ કરોડ રોકડ જપ્ત કર્યા છે.

સાથે જ તેમણે જણાવ્યું કે, ૨૩૦ ઉમેદવારોએ હિસાબ રજૂ કર્યા છે, જ્યારે ૧૨ ઉમેદવારોએ હિસાબ રજૂ ન કરતાં નોટિસ આપવામાં આવી છે. ઉપરાંત ૧.૮૮ કરોડનું સોનું ચાંદી જપ્ત કરવામાં આવ્યું છે.

પ્રથમ તપાસણી દરમિયાન કુલ ૩૭૧ ઉમેદવારો પૈકી ૨૮૨ ઉમેદવારોએ હિસાબો રજુ કરેલ હતા, જ્યારે બાકી રહેલા ૮૯ ઉમેદવારોને નોટીસો પાઠવવામાં આવેલ હતી. આજ રીતે બીજી તપાસણી દરમિયાન આચાર સંહિતા ભંગની કુલ-૧૮૬ ફરિયાદો મળેલ છે.

૧૭૪૩૦ મતદાન મથકો શહેરી અને ૩૪૪૨૧ ગ્રામ્ય સહિત કુલ ૫૧૮૫૧ મતદાન મથકો પર મતદાન યોજાશે. સાથે જ ૨૩૩૭૭૫ પોલીસ કર્મીઓ તેનાત રહેશે. મતદાન માટે ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ પૂરી કરવામાં આવી છે.

પૈસાની લાલચ આપી આધેડે કિશોર સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરતા હાહાકાર

સુરત

સુરત શહેર ધીમેધીમે ક્રાઇમ સિટી બનતું જોય છે. લૂંટ, હત્યા, દુષ્કર્મ જેવી ઘટનાઓ ધીસેને દીવશે વધતી જતી હોય તેમ લાગી રહ્યું છે. આવી જ એક ઘટના સુરતમાં બની છે જેમાં એક આધેડે કિશોર સાથે પૈસાની લાલચ આપીને સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય આચર્યું હતું. જોકે, કિશોરે સમગ્ર ઘટના પરિવારને જણાવતા પરિવાર પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. અને પોલીસે પોસ્કો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી હતી.

સુરતના પૂર્ણામાં કારગિલ ચોક ખાતે આવેલી એક સોસાયટીમાં સૌરાષ્ટ્રવાસી પરિવાર રહે છે. આ પરિવારનો ૧૬ વર્ષીય પુત્ર જીગર (નામ બદલ્યું) ધો.૧૦માં અભ્યાસ કરે છે. દરમિયાન જીગર છેલ્લા એક વર્ષથી ૪૦ વર્ષીય કનુ નથ્થુભાઇ કથરોટિયા પરેશાન કરતો હતો. વર્ષ અગાઉ અનમિલ સોસાયટીના નાકે આવેલા પાનના ગલ્લે ગયો હતો. ત્યારે આ કનુએ સામાન લાવવાના બહાને પોતાના ઘરે લઇ ગયો હતો. અહીં કનુએ બળજબરી કરી સગીર પાસે મુખમૈથુન કરાવવા સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું.

આ રીતે એક વર્ષમાં બે વખત કનુએ સગીર સાથે વિકૃત હરકત કરી હતી. રૂ.૧૦ કે ૨૦ આપી ઘરે બોલાવી કનુ દુષ્કૃત્ય આચરતો હતો. જીગરે આ મામલે પરિવારજનોને વાત કરતા આખરે મામલો પોલીસમાં પહોંચ્યો હતો. પુણા પોલીસે સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યનો અને પોક્સો એક્ટ મુજબ ગુનો નોંધી કુનિ કાથરોટિયાની ધરપકડ કરી હતી.

સલમાન પોતાનાં પરિવારથી વધારે મહત્વ ક્યારેય પણ કોઈને ના આપી શક્યાં

મુંબઈ

સલમાન ખાનનાં ફેન્સ પહેલેથી જ એ વાતને જાણવા તત્પર રહેતા હોય છે કે આખરે તેમનાં ફેવરિટ સ્ટાર લગ્ન ક્યારે કરશે? જો કે હવે સલમાનનાં લગ્ન ન કરવા પાછળ એક મોટું કારણ સામે આવ્યું છે. તો આવો જાણીએ કે આખરે શું છે તે રહસ્ય...



સલમાન ખાન હાલનાં સમયમાં પોતાની અપકમિંગ ફિલ્મ 'ભારત'ને લઈને સતત ચર્ચામાં છે. પોતાની પ્રોફેશનલ લાઈફ સિવાય સલમાન પર્સનલ લાઈફને લઈને ખૂબ ચર્ચામાં રહે છે. સલમાનને પણ સામાન્ય રીતે ઈન્ટરવ્યૂમાં તેઓનાં લગ્નને લઈને વારંવાર સવાલો પૂછવામાં આવે છે. ત્યારે દબંગ ખાનનાં ફેન્સ પણ એ જાણવા તત્પર હોય છે કે આખરે ક્યારે તેમનાં ફેવરિટ સ્ટાર સલમાન લગ્ન કરશે? ત્યારે મળતી માહિતી અનુસાર એક મીડિયા રિપોર્ટ્સ અનુસાર હવે સલમાન ખાનનાં લગ્ન ન કરવા પાછળ એક મોટું કારણ સામે આવ્યું છે.

રિપોર્ટ્સ અનુસાર, 'સલમાન ખાન પોતાનાં પરિવારને લઈને ખૂબ પ્રોટેક્ટિવ છે. તેઓ પોતાની ફેમિલીને ખૂબ પ્રેમ કરે છે. જ્યારે પણ તેમને સમય મળે છે ત્યારે તે પોતાનાં પરિવાર સાથે જ સમય વિતાવે છે.' મળતી માહિતી મુજબ આગળ વધુમાં એમ જણાવવામાં આવ્યું કે, 'સલમાન ખાનનાં લગ્નને લઈને ઘણી બધી વાર વાત આગળ વધી. પરંતુ સલમાન પોતાનાં પરિવારથી વધારે મહત્વ ક્યારેય પણ કોઈને ના આપી શક્યાં.' સલમાનનું માનવું એમ છે કે પોતાનાં લાઈફ પાર્ટનરને સમ્માન અને સમય ન આપી શકવો એ ખોટું છે. સલમાનનું એ જ કારણ છે કે તેઓ હજી સુધી લગ્ન નથી કરી શક્યાં.

તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં સલમાન ખાને ફિલ્મમાં કિસિંગ અને બોલ્ડ સીન પણ ન આપવાનાં કારણ અંગે ખુલાસો કર્યો હતો. સલમાને જણાવ્યું હતું કે, સામાન્ય રીતે હું અને મારા પરિવારનાં લોકો એક સાથે ફિલ્મો જોઈએ છીએ. જ્યારે પણ ફિલ્મમાં કિસીગ સીન આવે છે.

અરબાઝે ખોલ્યું મલાઈકા સાથેના ડિવોર્સનું રહસ્ય, કહ્યું બધું ઠીક હતું પણ...

મુંબઈ

ફિલ્મમેકર અરબાઝ ખાને અને મોડેલ-એક્ટ્રેસ મલાઈકા અરોરાની જોડી બોલિવૂડની ફેમસ જોડી ગણાતી હતી. જોકે આ દંપતિએ ડિવોર્સની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા. અત્યાર સુધી અરબાઝે આ મુદ્દે કોઈ વાત નહોતી કરી પણ હવે આ મુદ્દે તેણે ખુલીને વાત કરી છે.



અરબાઝ ખાને હાલમાં એક ટોક શોમાં અનુપમા ચોપડા સાથે વાતચીત કરતી વખતે પોતાના ડિવોર્સ વિશે વિગતવાર વાત કરી હતી. તેણે કહ્યું હતું કે ''બધુ બરાબર લાગી રહ્યું હતું પણ એકાએક લગ્ન તુટી ગયા. જો કંઈ પણ ખોટું ન હોય તો લોકોએ પોતાનું જીવન યોગ્ય રીતે સમજી વિચારીને ચલાવવું જોઈએ તેમજ યોગ્ય નિર્ણય લેવો જોઈએ.

આ પરિસ્થિતિ પછી પણ હું લોકોને લગ્ન કરવાની સલાહ આપીશ. લગ્નપ્રથા સદીઓ જુની છે અને જ્યાં સુધી બહુ યોગ્ય ન થાય ત્યાં સુધી આપણા તરફથી બધું બરાબર કરવાનો પ્રયાસ કરવો જોઈએ.''

મલાઈકાની ગણતરી બોલિવૂડની બોલ્ડ અને બ્યુટીફુલ સેલિબ્રિટીમાં થાય છે. ૨૦૧૭માં મલાઈકાએ અરબાઝ સાથેના ૧૮ વર્ષના લગ્નજીવન પછી ડિવોર્સ લેવાનો નિર્ણય લીધો હતો. મલાઈકાએ એક રેડિયો શોમાં હોસ્ટ કરીનાને જણાવ્યું હતું કે ડિવોર્સ પહેલાં લોકોએ અનેક રીતે મને રિલેશનશીપ બચાવવાની સલાહ આપી હતી પણ મેં મારી ઈચ્છાને માન આપીને ડિવોર્સ લેવાનું પસંદ કર્યું હતું. હવે હું જીવનમાં નવી શરૂઆત કરવા માટે તૈયાર છું. ચર્ચા પ્રમાણે અરબાઝ પણ બહુ જલ્દી ગર્લફ્રેન્ડ જ્યોર્જિયા એન્ડ્રિયાની સાથે લગ્નનું પ્લાનિંગ કરી રહ્યો છે જ્યારે મલાઈકા હવે અર્જુન કપૂર સાથે લગ્ન કરવાની હોવાની ચર્ચા છે.

સેક્રેડ ગેમ્સની અભિનેત્રી સુરવીન ચાવલાએ પુત્રીને આપ્યો જન્મ

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી સુરવીન ચાવલાએ પુત્રીને જન્મ આપ્યો છે. તેણે પોતાની પુત્રીનું નામ 'ઈવા' રાખ્યું છે. ઈવાનો જન્મ ૧૫ એપ્રિલે થયો હતો. પુત્રીના જન્મ બાદ સુરવીન બહુ જ ખુશ છે.




એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાની ખુશી જાહેર કરી હતી. સુરવીને ઈન્સ્ટાગ્રામ પર પુત્રીની તસવીર પણ શેર કરી છે.વાત કરતાં સુરવીને જણાવ્યું કે, આ ફીલિંગને શબ્દોમાં કહી શકાય નહીં. આને મહેસુસ કરાય છે.

ઉલ્લેખનીય છે કે, સુરવીન ચાવલાએ અક્ષય ઠક્કર સાથે જુલાઈ, ૨૦૧૫માં લગ્ન કર્યા હતા. રિપોર્ટ્સ પ્રમાણે, સુરવીને અક્ષય સાથે સિક્રેટ રીતે લગ્ન કર્યા હતા. તેણે ૨૦૧૭માં પોતાના લગ્ન અંગેનું સિક્રેટ ખોલ્યું હતું. બન્નેની મુલાકાત ૨૦૧૩માં એક કોમન ફ્રેન્ડ દ્વારા થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, સુરવીને એકતા કપૂરના શો 'કહીં તો હોગા' દ્વારા કરિયરની શરૂઆત કરી હતી. તે બાદ સુરવીનને 'કસોટી જિંદગી કી'માં કાસ્ટ કરવામાં આવી હતી. તેણે અનિલ કપૂરના શો ૨૪ અને વેબ સીરિઝ 'હક સે'માં કામ કર્યું છે. ટીવી બાદ સુરવીન બોલિવૂડમાં આવી. તેણે હેટ સ્ટોરી ૨, પાર્ચ્ડ અને ઉંગલી જેવી ફિલ્મ્સમાં કામ કર્યું છે. તે ગયા વર્ષે આવેલી નેટફ્લિક્સની જાણીતી સીરિઝ સેક્રેડ ગેમ્સમાં જોવા મળી હતી.

શ્રીલંકામાં થયેલા સીરિયલ બ્લાસ્ટ અંગે જેક્લિને કહ્યું- હિંસા રોકાવી જોઈએ



મુંબઈ

શ્રીલંકાની રાજધાની કોલંબો સહિત દેશના અનેક હિસ્સાઓમાં ખ્રિસ્તીઓના પવિત્ર પર્વ ઈસ્ટરના દિવસે બે ચર્ચ અને બે હોટલને નિશાન બનાવતાં ૬ બોમ્બ બ્લાસ્ટ થયા છે. સ્થાનિક મીડિયા મુજબ, આ બ્લાસ્ટ્સમાં લગભગ ૧૬૦ લોકોએ જીવ ગુમાવ્યા છે.

આ હુમલા અંગે બોલિવૂડ અભિનેત્રી અને મૂળ શ્રીલંકાની જેક્લિન ફર્નાન્ડિઝે આ ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યો છે. જેક્લિને આ અંગે ટ્વિટ કરતાં લખ્યું કે, શ્રીલંકામાં થયેલા બ્લાસ્ટ્સના સમાચારથી દુ:ખી છું. આ પ્રકારની હિંસા રોકાવી જોઈએ.

માત્ર જેક્લિન જ નહીં, પરંતુ તમામ લોકો આ ઘટનાની નિંદા કરી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, જેક્લિનનો જન્મ શ્રીલંકાના કોલંબોમાં થયો હતો. જેક્લિનના પિતા શ્રીલંકન છે, જ્યારે તેની માતા મલેશિયન છે. વર્ષ ૨૦૦૬માં જેક્લિને મિસ શ્રીલંકા કોન્ટેસ્ટમાં ભાગ લીધો અને તે મિસ શ્રીલંકા બની હતી.

ઉલ્લેખનીય છે કે, ભારતના વિદેશ મંત્રી સુષમા સ્વરાજે ટ્વિટ કરીને કહ્યું છે કે, હું કોલંબોના ભારતીય હાઈ કમિશ્નરના સતત સંપર્કમાં છું. અમે આ સ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છીએ.

કરોડો કમાય છે કલાકાર છતાં નથી અભિમાન, ગામડેથી બંગલામાં મંગાવ્યો ખાટલો

મુંબઈ

બોલીવુડમાં નાના-નાના રોલ કરીને સફળતાને સ્પર્શ કરી લેનાર અભિનેતા પંકજ ત્રિપાઠી હાલનાં આ દિવસોમાં મુંબઈમાં ખરીદેલ એક આલીશાન બંગલાને લઈને ચર્ચામાં છે. તાજેતરમાં જ તેઓએ ગૃહપ્રવેશ કર્યો હતો. એવામાં બંગલો અને તેનાં પૂજનની ફોટો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ. હવે આમાંથી જ એક ફોટો સામે આવ્યો છે કે જેમાં આ આલીશાન બંગલામાં એક ખાટલો નજરમાં આવી રહેલ છે.



પંકજે પોતાનાં આ નવા ઘરની પત્ની મૃદુલા અને ઘરવાળા લોકો સાથે મળીને પૂજા કરી. પૂજા દરમ્યાન તેમની પાછળ ઉભો રહેલ એક ખાટલો પણ નજરમાં આવ્યો કે જે તેમનાં જ ગામ બેલસંડ, બિહારનાં દોરડાંથી બનાવેલ છે. એનાંથી એ સ્પષ્ટ થાય છે કે પંકજ પોતાનાં જૂના દિવસો નથી ભૂલેલ.

એક ખાનગી ચેનલ સાથે વાત કરતા પંકજે જણાવ્યું કે, 'મને સારું લાગશે કે નવી કાર ખરીદવાને બદલે હું લોકોને શિખવાડી શકું, નવું ઘર ખરીદવાનું મારું સપનું હતું, મારે વધારે કંઈ જ નથી જોઈતું.' આ સિવાય વધુ એક ઈન્ટરવ્યૂમાં પણ પંકજે જણાવ્યું હતું કે, આજે પણ મને મારા ઘરની છત યાદ છે. ઉલ્લેખનીય છે કે પંકજનું શરૂઆતનું જુવન ખૂબ ગરીબી અને કષ્ટો વચ્ચેથી પસાર થયું હતું.

પંકજ એમ માને છે કે, ભલે જ આજે મેં પોતાનાં સપનાનું ઘર ખરીદ્યું છે પરંતુ પટનામાં અમારે એક જ રૂમનું ઘર અને તેનાં પર છત હું આજે પણ નથી ભૂલી શકતો, એક રાત્રીએ આંધી આવી હતી અને પાણી વરસવા લાગ્યું કે જેનાંથી તે છત પણ આ સૈલાબમાં ઉડી ગઈ હતી, તેવાં સમયમાં બસ હું આકાશમાં જ જોતો રહ્યો.

પંકજે વધુમાં એમ કહ્યું કે, 'ગયાં વર્ષ સુધી હું કોઈ પણ રોલ કરી લેતો હતો પરંતુ હવે હું એ પોઝીશનમાં છું કે પોતાની મરજીથી હું કોઈ પણ પાત્ર ભજવી શકું છું. આખરે હું મારા સપનાંઓનો મહેલ ઉભો કરવામાં સફળ રહ્યો. મેં મડઆઈલેન્ડમાં ઘર લઈ લીધું છે. મારી પત્ની પણ આને જોયાં બાદ ખૂબ ઈમોશનલ થઈ ગઈ હતી.'

ગેલની એક સલાહથી ખતરનાક બેટ્સમેન બની ગયો આંદ્રે રસેલ

નવીદિલ્હી

આઈપીએલની આ સિઝનમાં ઘણા એવા બેટ્સમેન છે જે શાનદાર બેટિંગ કરી રહ્યાં છે. પરંતુ કોલકત્તાના તોફાની બેટ્સમેન આંદ્રે રસેલ સૌથી વધુ ચર્ચામાં છે. રસેલ જે રીતે વિરોધી બોલરોની ધોલાઈ કરી રહ્યો છે અને સિક્સ ફટકારી રહ્યો છે તેનાથી તો લાગે છે કે બોલરો પાસે તેનો કોઈ તોડ નથી. આ સિઝનમાં અત્યાર સુધી રસેલે પોતાની તોફાની બેટિંગથી કેકેઆરને હારેલા મેચમાં વિજય અપાવ્યો છે. આ સિઝનના ઉપમાં મેચમાં એકવાર ફરી રસેલે બેંગલોર વિરુદ્ધ તોફાની ૬૫ રન ફટકાર્યા અને આ ઈનિંગમાં ૯ સિક્સ ફટકારી હતી. રસેલે આ સિઝનમાં અત્યાર સુધી ૩૯ સિક્સ ફટકારી છે. તે સરેરાશ એક મેચમાં ૪ સિક્સ ફટકારી રહ્યો છે.



આખરે રસેલ આટલો આક્રમક કેમ બની ગયો. આજથી ત્રણ વર્ષ પહેલા સુધી તે રમતો હતો પરંતુ આટલો આક્રમક અંદાજ નહતો. વર્ષ ૨૦૧૬ પહેલા તે બોલને હિટ જરૂર કરતો હતો પરંતુ આટલા છગ્ગા ફટકારવામાં અસમર્થ હતો. હવે તે આટલો આક્રમક કેમ થઈ ગયો આ વિશે રસેલે ખુલાસો કર્યો છે. રસેલે જણાવ્યું કે, તેની આ હિટિંગની પાછળ ક્રિસ ગેલ છે કારણ કે તેની એક સલાહે મારી જિંદગી બદલી નાખી છે. રસેલ પ્રમાણે ગેલે તેને ભારે બેટનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી.

રસેલે કહ્યું કે, ગેલ પાસેથી ઘણું શીખ્યો છું અને તેની પાવર હિટિંગે મારી જિંદગીમાં પરિવર્તન લાગી દીધું છે. હું પહેલા હળવા બેટનો ઉપયોગ કરતો હતો અને તેનાથી હિટ કર્યા બાદ બોલ વધુ દૂર જતો નહતો. ટી૨૦ વિશ્વકપ દરમિયાન ગેલ મારી પાસે આવ્યો અને તેણે કહ્યું કે, તું ભારે બેટનો ઉપયોગ કર કારણ કે, તારી પાસે વાપર છે. તું શાનદાર બેટ્સમેન છો. આ વાત ૨૦૧૬માં ભારતમાં રમાયેલા ટી૨૦ વિશ્વકપની છે. આ વિશ્વકપમાં વેસ્ટઈન્ડિઝ ચેમ્પિયન બન્યું હતું. સેમીફાઈનલમાં રસેલે ભારત વિરુદ્ધ ૪૩ રન ફટકાર્યા હતા.

મહત્વનું છે કે, રસેલ હવે ભારે બેટનો ઉપયોગ કરે છે અને સાથે તે પોતાની ફિટનેસ માટે પણ જાણીતો છે. તે જીમમાં ખુબ મહેનત કરે છે. રસેલે આ સિઝનમાં અત્યાર સુધી ૩૫૩ રન બનાવ્યા છે. સૌથી મોટી વાત છે કે તે જે અંદાજમાં બેટિંગ કરે છે તેનાથી વિરોધી ટીમના બોલરો ડરમાં રહે છે.

શિખર ધવન આઈપીએલમાં ૫૦૦ ચોગ્ગા ફટકારનાર પ્રથમ બેટ્સમેન બન્યો

ન્યુ દિલ્હી

આઈપીએલમાં ચાલુ સિઝનમાં દિલ્હી કેપિટલ્સ તરફથી ઓપનિંગ કરનારા દિગ્ગજ બેટ્સમેન શિખર ધવને એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. શનિવારે તેને કિંગ્સ ઈલેવન પંજાબ વિરુદ્ધ ૫૬ રનોની (૪૧ બૉલ, ૭ ચોગ્ગા, ૧ છગ્ગો) મહત્વની ઈનિંગ રમી, આમાં તેને આઈપીએલમાં ૫૦૦ ચોગ્ગા મારવાનો કિર્તીમાન સ્થાપિત કર્યો હતો.



શિખર ધવન આઈપીએલમાં ૫૦૦ ચોગ્ગાનો આંકડો પાર કરનારો એકમાત્ર બેટ્સમેન બની ગયો છે. ૩૩ વર્ષનો આ ખેલાડી આઈપીએલમાં અત્યાર સુધી ૫૦૨ ચોગ્ગા ફટકારી ચૂક્યો છે. ધવન બાદ બીજા નંબરે ગૌતમ ગંભીરનું નામ છે જેને ૪૯૨ ચોગ્ગા ફટકાર્યા છે.

આઈપીએલમાં સર્વાધિક ચોગ્ગા....

૫૦૨- શિખર ધવન
૪૯૨- ગૌત્તમ ગંભીર
૪૭૩ - સુરેશ રૈના
૪૭૧- વિરાટ કોહલી
૪૪૫- ડેવિડ વોર્નર

ગાંગુલી મામલામાં લોકપાલે કહ્યું, બંન્ને પક્ષો લેખિતમાં દલીલ આપે

કોલકતા

બીસીસીઆઈ લોકપાલ ન્યાયમૂર્તિ (સેવાનિવૃત્ત) ડીકે જૈને સૌરવ ગાંગુલી વિરુદ્ધ હિતોના ટકરાવ મામલામાં પૂર્વ કેપ્ટન અને ત્રણેય ફરિયાદીને લેખિત દલીલ આપવા કહ્યું છે. બંગાળના ત્રણ ક્રિકેટ પ્રશંસકો ભાસ્વતી શાંતુઆ, અભિજીત મુખર્જી અને રંજીત સીલે આરોપ લગાવ્યો હતો કે ગાંગુલીનું બંગાળ ક્રિકેટ સંઘ અને આઈપીએલ ફ્રેન્ચાઈઝી દિલ્હી કેપિટલ્સના સલાહકારની ભૂમિકા સીધી રીતે હિતોના ટકરાવનો મામલો છે.



લોકપાલે લગભગ સાડા ત્રણ કલાક સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ બિશ્વનાથ ચેટર્જી અને ફરિયાદરત્તા સંજીત સીલ સિવાય ગાંગુલીની પણ દલીલો સાંભળી હતી. ન્યાયમૂર્તિ જૈને બેઠક બાદ કહ્યું, મેં બંન્ને પક્ષો અને બીસીસીઆઈની દલીલોને સાંભળી અને ઝડપથી મારો આદેશ પસાર કરીશ. પરંતુ કુદરતી ન્યાયના સિદ્ધાંતો પ્રમાણે સુનાવણી સમાપ્ત થઈ ગઈ છે, બંન્ને પક્ષો હવે નિર્ણય સંભળાવ્યા પહેલા લેખિત દલીલ આપી શકે છે. ગાંગુલીએ બેઠક પરિસરમાંથી બહાર નિકળ્યા બાદ બેઠક સારી રહી. મહત્વનું છે કે, આજે ફિરોઝશાહ કોટલામાં દિલ્હી કેપિટલ્સ અને કિંગ્સ ઈલેવન પંજાબ વચ્ચે મુકાબલો રમાવાનો છે.



લોકસભા ચૂંટણી સંદર્ભે વિધાનસભા બેઠક મુજબ બનાવાયેલા ડિસ્પેચીંગ અને રિસીવીંગ સેન્ટરમાંથી જે-તે મતદાન કેન્દ્રના કર્મચારીઓને આજે સવારે ઈવીએમ તથા વીવીપેટ સહિતની સાધન સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું તસવીરમાં નજરે પડે છે.

આજે મતદાન અંગે ૧૦ હજારથી પણ વધુ જવાનો તૈનાત કરાશે

સુરત

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના આવતીકાલે મતદાનના દિવસે સુરત જિલ્લા ચૂંટણી તંગ અને પોલીસ તંત્રે વિના વિઘ્ને અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેર જળવાય રહે એ માટે ૧૦,૦૦૦થી વધુ પોલીસ જવાનોની બંદોબસ્તમાં તૈનાત કરી દેવામાં આવ્યો છે. ખાસ કરીને સંવેદનશીલ મતદાન મથક સહિતના વિસ્તારોમાં પોલીસ રાઉન્ડ ધી કલોક પેટ્રોલીંગનો પ્રારંભ કરી દીધો છે. પો. કમિ. સતીષ શર્માએ પોલીસ બંદોબસ્તની સ્કીમને આખરી ઓપ આપી દીધો છે. જે પ્રમાણે પોલીસ અધિકારી-પોલીસ ટીમોને બંદોબસ્ત સ્થળે તૈનાત કરી દેવામાં આવ્યાં છે.

સુરત પોલીસ તંત્રના જણાવ્યા મુજબ સ્થાનિક પોલીસ વિભાગના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્થાનિક પોલીસ સ્થાનિક પોલીસ સહિતના પોલીસ જવાનો લોખંડી બંદોબસ્તમા તૈનાત રહેશે.

રાજપીપળા કિંગ્સના કેપ્ટન તરીકે બીજીવાર વિશાલ પાઠકની વરણી

રાજપીપળા : વેલીયન્ટ ક્રિકેટની સૌથી મોટી ટુર્નામેન્ટ ગયા વર્ષે ગ્વાલિયરના રૂપસિંગ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. જેમાં ૫ ટીમોએ ભાગ લીધો હતો જેમાં ગતવર્ષે એક નવી ટિમનો સમાવેશ થયો હતો એ ટિમ હતી રાજપીપળા કિંગ્સ ટીમ તેના માલિક હતા બોલીવુડના એક્ટર અને આશિકી ફેઈમ રાહુલ રોય તેઓ પ્રથમ વખત રાજપીપળા કિંગ્સના ટીમના માલિક બન્યા હતા ત્યારે રાજપીપળાના જ ક્રિકેટર વિશાલ પાઠકને રાજપીપળા કિંગ્સના કેપ્ટન બનાવ્યા હતા ગ્વાલિયરમાં વીપીએલ સીઝન ૩ માં રાજપીપળા કિંગ્સની શરૂઆત ખુબ જ નબળી રહી હતી વીપીએલની પેહલી બે મેચમાં જ આ ટીમને હાર નો સામનો કરવો પડ્યો હતો વેલીયન્ટ ક્રિકેટમાં કેપ્ટન કુલ તરીકે જાણીતા વિશાલ પાઠકે ટીમની પેહલી બંને મેચની હાર બાદ પોતાના ખેલાડીઓને આપેલી ટિપ્સ અત્યંત સફળ રહી જેમાં આ ટીમે ત્યાબાદ એક પછી એક મેચમાં વિજય હાંસલ કર્યો હતો . જેમાં ગલિયરની ટિમ હોઈ કે અમદાવાદ ફાઈટર હોઈ કે પછી સુરત વોરિયર્સ હોઈ દરેક ટિમ સામે પોતાની સ્પિન બોલિંગના હથિયાર થી વિજેતા બનતી જતી આ ટિમે સફળતાનાં શિખરો પાર કર્યા જેમાં કેપ્ટન વિશાલ પાઠકની સફળ કેપ્ટિનશીપ હેઠળ ટીમને સેમી ફાઇનલ સુધી પોહચાડી હતી સેમી ફાઈનલમાં ભોપાલ ટાઇટન્સ સામે માત્ર ૭ રન થી આ ટિમનો પરાજય થયો હતો તેથી રાજપીપળા કિંગ્સ ટુર્નામેન્ટની બહાર થઈ ગયી હતી વિશાલ પાઠકની કેપ્ટિનશીપને ધ્યાનમાં રાખી વીપીએલ સીઝન ૪ માં પણ આ ટિમના મલિક રાહુલ રોય સાથે વાતચીત કરી હતી કે આ વર્ષે પણ રાજપીપળા કિંગ્સના કેપ્ટન તરીકે વિશાલ પાઠક જ ચાહી શકે તેમ છે ત્યારે રાહુલ રોય અને ટિમે ઓફિશ્યલ આ કિંગ્સ ના કેપ્ટન તરીકે વિશાલ પાઠકના નામ પર મોહોર લગાવી આશા વ્યક્ત કરી છે કે આવનારી વીપીએલ સીઝન ૪ માં રાજપીપળા કિંગ્સ વિજેતા થશે.



સ્ટેબીન બેન (બોલીવુડ સિંગર)

ભોપાલ ટાઇટન્સ ના ઓનર અને બોલીવુડના મશહૂર સિંગર સ્ટેબીન બેન એ જણાવ્યું હતું કે ગતવર્ષે ભોપાલ ટાઇટન્સ વીપીએલ સીઝન ૩ માં રનર્સઅપ રહી હતી જેમાં કેપ્ટન રીચી શુકલા નો મહત્વ ફાળો છે ફાયનલ મેચમાં રીચી એ ટીમને જીતાડવા માટે કેપ્ટીન ઈનિગ રમી હતી પણ ટિમ વિજેતા ના બની પણ હાલ આવનારી વીપીએલ સીઝન ૪માં મારી ટિમ સારું પ્રદર્શન કરશે અને વિજેતા બનશે

ચેતન શર્મા (ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર)

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને વેલીયન્ટ ક્રિકેટ ટિમ ના મેન્ટર ચેતન શર્મા એ રાજપીપલા કિંગ્સ ટિમ ના બીજીવાર કેપ્ટન બનવા બાદલ વિશાલ પાઠકને શુભેચ્છા પાઠવી હતી અનેવીપીએલ સીઝન ૪માં રાજપીપલા કિંગ્સ વિજેતા બનશે તેવી આશા પણ વ્યક્ત કરી હતી.

વિપુલ નારીગારા (વેલીયન્ટ ક્રિકેટર)

વેલીયન્ટ ક્રિકેટર અને સુરત વોરિયર્સન પૂર્વ કેપ્ટન વિપુલ નારીગરા એ પણ વિશાલ પાઠકને રાજપીપલા કિંગ્સના કેપ્ટન બનવા બદલ શુભેચ્છા પાઠવી હતી.

મતદાન કેન્દ્ર પાસે બેનર, કટાઉટ અને પ્રચારના પોસ્ટર રાખી શકાશે નહીં

મતદાન કેન્દ્રમાં મતદાર સિવાઈ કોઈએ પ્રવેશ કરવો નહીં

વ્યારા

તા. ૨૩/૦૪/૨૦૧૯ના રોજ યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીના મતદાન દરમિયાન તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદાન મથકની આજુબાજુમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને તેના કોઈ પ્રત્યાઘાત ન પડે તેમજ મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય એ માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનિયાએ જાહેરનામું બહાર પાડી મતદાનના દિવસે મતદાન મથકમાં મતદાર, પોલીંગ ઓફિસર, ચૂંટણી સાથે સંકળાયેલા સરકારી કર્મચારીઓ/અધિકારીઓ, ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિઓ, ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ અને દરેક ઉમેદવારનો એક મતદાર એજન્ટ, સ્ત્રી મતદારે તેડેલું બાળક, અંધ, અશકત મતદારનો સાથી, આ સિવાયની અન્ય વ્યક્તિ કે જેને ચૂંટણી અધિકારી અથવા પ્રિસાઈડીંગ ઓફિસરે નિયુકત કર્યા હોય તેવી વ્યક્તિ જ પ્રવેશી શકશે. મતદાન મથકની ૨૦૦ મીટર દુર ઉમેદવાર દ્વારા ઉભા કરવામાં આવેલા બુથ ઉપરથી અથવા ઉમેદવાર તરફથી જે કાપલી મતદારને આપવામાં આવે તેમાં કોઈ પણ ઉમેદવારનું નામ, પ્રતિક, સંજ્ઞા કે અન્ય કોઈ લખાણ હોવું જોઈએ નહિં. કોઈ પણ મતદાર કે વ્યક્તિ મતદાન મથકની ૨૦૦ મીટરની હદમાં આવી કોઈ કાપલી કે જેમાં ઉમેદવારનું નામ, પ્રતિક કે સંજ્ઞાનું લખાણ હોઈ તે લઈ પ્રવેશી શકશે નહિં. મતદાન મથકની ૧૦૦ મીટરની હદમાં કોઈ પણ વ્યક્તિ મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશાવ્યવહાર કે રેકોર્ડિંગ થઈ શકે તેવા કોઈ પણ પ્રકારના ઉપકરણો લઈ પ્રવેશી શકશે નહિં. મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયામાં પ્રચાર અંગેનું કોઈ પણ સાહિત્ય, બેનર, કટ આઉટ, પોસ્ટર રાખી શકશે નહિં. સમગ્ર તાપી જિલ્લાના તમામ લોકસભા મતવિસ્તારના મુકકર થયેલા મતદાન મથકોને આ હુકમ લાગુ પડશે. જે તે મતદાન મથકો પર ચૂંટણી ફરજ બજાવવા માટે તેમજ ચૂંટણી સંચાલનની પ્રક્રિયા માટે નિમાયેલ સરકારી અધિકારી/કર્મચારીને આ હુકમ લાગુ પડશે નહિં. આ હુકમ તા. ૨૩/૦૪/૨૦૧૯ના રોજ સમગ્ર તાપી જિલ્લા હસ્તકના વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

આઈસર ટેમ્પોએ બાઈકને અડફેટે લેતા એકનું મોત

બારડોલી

બારડોલી પાસે આઈસર ટેમ્પો અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં બાઈક ઉપર સવાર પતિ અને પત્નીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમને સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન પતિનું મોત થયું હતું. સુત્રોના જણાવ્યા પ્રમાણે પતિ-પત્ની બાઈક ઉપર લિંબાયતથી મહારાષ્ટ્રના નાસિક ભાઈના સસરાના બેસણામાં હાજરી આપવા માટે જઈ રહ્યા હતા. ત્યારે આઈસર ટેમ્પાએ ટક્કર મારી હતી. અકસ્માત સર્જીને આઈસર ટેમ્પો ચાલક ગાડી છોડી ફરાર થઈ ગયો હતો.

મળતી માહિતી પ્રમાણે લિંબાયત વિસ્તરના વિનોબાનગરના ૩૭ વર્ષીય સુભાષ કારભારી કામળે અને ૩૪ વર્ષીય પત્ની અરુણા કામળે બાઈક ઉપર લિંબાયતથી મહારાષ્ટ્ર નાસિક જઈ રહ્યા હતા. આ સમયે બારડોલી દસ્તાન ફાટક પાસે આઈસર ટેમ્પોએ દંપતીના બાઈકને અડફેટે લીધું હતું. જેના પગલે બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સ્થાનિક લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી પતિ પત્નીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન પતિનું મોત નીપજયું હતું. સુત્રોના જણાવ્યા પ્રમાણે પતિ-પત્ની બાઈક ઉપર લિંબાયતથી મહારાષ્ટ્રના નાસિક ભાઈના સસરાના બેસણામાં હાજરી આપવા માટે જઈ રહ્યા હતા.

મતદારો માટે રાજકીય પક્ષો વાહનની મફત સુવિધા ઉપલબધ કરાવી શકે નહીં

મતદાન કેન્દ્રોની આસપાસ વાહનો પર ચૂંટણી પંચ નજર રાખશે

વ્યારા

તા. ૨૩મી, એપ્રિલે યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન ૨૩-બારડોલી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં મતદાનના દિવસે વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોનો દુરૂપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રિઝવી ન શકાય તે હેતુથી તેમજ ચૂંટણી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનિયાએ જાહેરનામું બહાર પાડી કોઇ રાજકીય પક્ષો કે બીજા રાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સહમતિથી બીજી કોઇ પણ વ્યક્તિ દ્વારા મતદાનના દિવસે મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન ઉમેદવાર મતદાનના દિવસે ઉમેદવાર પોતાના માટે સમગ્ર લોકસભા મતદાર વિભાગ પુરતું એક જ વાહનની સંબંધિત ચૂંટણી અધિકારી પોતે અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારી પાસેથી નોંધણી કરાવીને ઉપયોગ કરી શકશે. સદરહુ વાહન નોંધણી કરાવ્યાના આધાર વર્ણન સાથે રાખવાના રહેશ.ખાનગી વ્યક્તિ કે ઉમેદવાર, એજન્ટ, પાર્ટીના સભ્યો વિગેરે ચૂંટણી કામે પરવાનગી વગરના વાહનોનો ઉપયોગ કરી શકશે નહિં. આવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને ઉમેદવારને બિનજરૂરી અસુવિધા ન થાય તે માટે મતદાનના દિવસે ચૂંટણી અધિકારી અથવા આ કામે તેઓએ અધિકૃત કરેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે. રજીસ્ટર કરાવેલ વાહનોનો પરમીટ મેળવી વાહનોની ઉપર સહેલાઈથી દેખાઇ આવે તે રીતે વિન્ડ સ્ક્રિન ઉપર ડાબી તરફ ઉપરની બાજુ લગાવવાનો રહેશે. પરમીટ લગાવ્યા સિવાયવાહનનો ઉપયોગ કરી શકાશે નહિં. આ હુકમનો ભંગ કરનાર કસુરવાર સામે ગુનો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અથવા બંને સજા થઈ શકશે. સદરહુ વાહન નોંધણી કરાવ્યાના આધાર વર્ણન સાથે રાખવાના રહેશ.ખાનગી વ્યક્તિ કે ઉમેદવાર, એજન્ટ, પાર્ટીના સભ્યો વિગેરે ચૂંટણી કામે પરવાનગી વગરના વાહનોનો ઉપયોગ કરી શકશે નહિં. આવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને ઉમેદવારને બિનજરૂરી અસુવિધા ન થાય તે માટે મતદાનના દિવસે ચૂંટણી અધિકારી અથવા આ કામે તેઓએ અધિકૃત કરેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે. રજીસ્ટર કરાવેલ વાહનોનો પરમીટ મેળવી વાહનોની ઉપર સહેલાઈથી દેખાઇ આવે તે રીતે વિન્ડ સ્ક્રિન ઉપર ડાબી તરફ ઉપરની બાજુ લગાવવાનો રહેશે. પરમીટ લગાવ્યા સિવાયવાહનનો ઉપયોગ કરી શકાશે નહિં. આ હુકમનો ભંગ કરનાર કસુરવાર સામે ગુનો સાબિત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અથવા બંને સજા થઈ શકશે.

આજે મતદાન અંગે તમામ ટેક્સટાઈલ્સ માર્કેટોમાં રજા જાહેર

ફરજીયાતપણે મતદાન કરવા મતદારોને ફોસ્ટાની અપીલ

સુરત

ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન (ફોસ્ટા)એ તા.૨૦-૪-૨૦૧૯ના રોજ બેઠક યોજી નિર્ણય લેવામાં આવ્યો હતો કે ૨૩મી એપ્રિલ ૨૦૧૯ના રોજ મંગળવારે યોજનાર લોકસભા ચૂંટણી માટે તમામ કાપડ માર્કેટ સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે સાથે જ ફોસ્ટાએ તમામ વેપારી ભાઈઓ અને મજદૂર ભાઈઓને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કરવા માટે જણાવ્યું હતું. ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન વેપારી ભાઈઓ, કર્મચારીઓ, મજદૂરભાઈઓને સૂચિત કરે છે કે ૨૩મી એપ્રિલ ૨૦૧૯ના રોજ મંગળવારે યોજાનાર લોકસભાની ચૂંટણીઓમાં તમારા મતાધિકારનો ઉપયોગ કરી લોકતંત્રના આ પાવન પર્વમાં આપના બંધારણીય અધિકાર અને કર્તવ્યનું પાલન કરો. આપ સવારે ૭.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી આપના ઓળખનો પુરાવા સાથે રાખી મતદાન અવશ્ય કરજો.

પનાસ રાજલક્ષ્મી બંગ્લોઝમાંથી રૂા.૪.૫૦ લાખની મતાની ચોરી

સુરત

અલથાણ ચોકી પનાસ ગામ પાસે રાજલક્ષ્મી બંગ્લોઝમાં તસ્કરોએ ઘૂસીને ૪.૫૦ લાખની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ ખટોદરા પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પનાસ ગામ રાજલક્ષ્મી બંગ્લોઝમાં ઉર્વી નયન શાહ રહે છે. તેઓ પોતે લેબોરેટરી ચલાવે છે. ગત મોડી રાત્રે તેમના બંગલામાં ઘૂસીને તસ્કરોએ રોકડા રૂા.૮૦ હજાર, સોનાની બે ચેઈન ૨૦ હજાર, બે ડાયમંડના બ્રેસલેટ કિંમત રૂા.૧.૨૦ લાખ, સોનાનું પેન્ડલ કિંમત રૂા.૬૦ હજાર, એક તોલાની રૂદ્રાક્ષની માળા મળી કુલ રૂા.૪.૫૦ લાખની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઉર્વી શાહે ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આજે બારડોલી લોકસભા બેઠક માટે કુલ ૨૨૦૨ મતદાન મથકોમાં મતદાન

ઉપ મતદાન કેન્દ્રોનું સંચાલન માત્ર મહિલા કર્મચારીઓ કરશે

વ્યારા

લોકસભા સામાન્ય ચૂંટણીની ૨૩-બારડોલી (અ.જ.જા) સંસદીય બેઠકની ચૂંટણીનો આખરી ઓપ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં આવી રહ્યો છે. ૨૩-બારડોલી સંસદીય બેઠકના ચૂંટણી અધિકારી આર.એસ નિનામાના સીધી રાહબરી હેઠળ યોજાનારી ચૂંટણીમાં ૨૨૦૨ મતદાન મથકો પર ૧૮,૨૬,૧૮૯ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. ૨૩-બારડોલી સંસદીય બેઠકમાં સમાવિષ્ટ સાત વિધાનસભા મતવિભાગમાં ૩૫ મહિલા સંચાલિત મતદાન મથકો અને ૭ દિવ્યાંગ અધિકારી/કર્મચારી સંચાલિત મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે.

૨૩-બારડોલી સંસદીય મતવિભાગમાં સમાવિષ્ટ સાત વિધાનસભા મતદાર વિભાગના કુલ ૨૨૦૨ મતદાન મથકો પરથી ૯,૩૪,૫૩૮ પુરૂષ, ૮,૯૧,૬૩૧ મહિલ અને ૨૦ અન્ય મતદારો મળી કુલ ૧૮,૨૬,૧૮૯ મતદારો મતાધિકારનો ઉપયોગ કરી ૧૨ ઉમેદવારના ભાવિને ઈ.વી.એમમાં કેદ કરશે.

ગત તા. ૧૦મી, માર્ચના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ ચૂંટણીતંત્ર દ્વારા ચૂંટણીને લગતી તૈયારીઓ આરંભી દીધી હતી. જેને હવે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ચૂંટણી ન્યાયી, નિષ્પક્ષ અને મુકત વાતાવરણમાં યોજાય ચૂંટણી મતદાન પ્રક્રિયામાં કોઈ ક્ષતિ ન રહી જાય તે માટે મતદાન સ્ટાફને સંપૂર્ણપણે તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. ઈ.વી.એમ અને વીવીપેટના રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. તાપી જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલને નોડલ ઓફિસર એક્ષપેન્ડીચર મોનીટરિંગ અને આદર્શ આચારસંહિતા અમલીકરણના નોડલ અધિકારી તરીકે પ્રાયોજના વહીવટદાર વિજયભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી છે. તાપી જિલ્લાના તમામ તાલુકાઓ તેમજ બે નગરપાલિકામાં ટીમોની નિમણુંક કરી અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.

આ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતવિભાગમાં ૨૨ ફલાઈંગ સ્કવોર્ડ કાર્યરત છે. ૨૩-બારડોલી સંસદીય બેઠકના ૩૮ મતદાન મથકો શેડો એરિયામાં આવેલા છે જયાં મતદાનના દિવસે વન વિભાગ અને પોલીસ વિભાગના વાયરલેસનો ઉપયોગ કરવામાં આવશે. આદર્શ આચારસંહિતા અમલીકરણ અને ઉમેદવારોના ખર્ચ પર નિયંત્રણ માટે જિલ્લા સેવાસદન, તાપી ખાતે કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવેલ છે. જિલ્લા કક્ષાનો હેલ્પલાઈન નંબરઃ ૧૯૫૦ પણ કાર્યરત છે.

૨૨૦૨ મતદાન મથકો પર યોજાનારી ૨૩-બારડોલી સંસદીય બેઠકની ચૂંટણી માટે ૨૪૨૪ પ્રિસાઈડીંગ ઓફિસર, ૨૪૨૪ પ્રથમ પોલીંગ, ૪૮૪૮ પોલીંગ અને ૨૪૨૪ વર્ગ-૪ના કર્મચારીઓ ફરજ બજાવશે. આ ઉપરાંત ૪૨ માઈક્રો ઓબ્ઝર્વર, ૪૨ વિડીયોગ્રાફર તથા ૩૦૨ ઝોનલ અધિકારી ચૂંટણી પ્રક્રિયામાં ફરજ બજાવી રહ્યા છે.

રાજપીપળા અંકલેશ્વર ૪ લેન હાઈવે પર અજાણ્યા વાહનની ટકકરે દીપડાનું મોત

પ્રતાપનગર - ગામકુવા ગામ પાસે રાત્રીના સમયે રસ્તો ક્રોસ કરવા જતો દીપડો કોઈ મોટા વાહનની ટકકરે ફંગોળાતા મોતને ભેટ્યો



રાજપીપળા : નર્મદા જિલ્લાના પ્રતાપનગર નજીક દીપડો રસ્તો ઓળંગતા એક અજાણ્યા વાહનની અડફેટે આવી જતા મોત નીપજ્યું હતું આ બાબતે સવારે રાજપીપળા રેન્જ વન વિભાગને જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યું અને જરૂરી કાર્યવાહી બાદ તેના અંતિમસંસ્કાર કર્યા હતા.

રાજપીપલા અંકલેશ્વર ૪ લેન હાઈવે બની જતા ભારે વાહનો અને હાઈવા ટ્રક જેવા તોતિંગ વાહનો માણસોની સાથે સાથે જંગલના પ્રાણીઓ માટે પણ જોખમી સાબીત થઈ રહ્યા છે. ત્યારે ગત રીના જંગલ વિસ્તાર માંથી પાણી અને ખોરાકની શોધમાં એક દીપડો રહેઠાણ વિસ્તારમાં આવી જતા પ્રતાપનગર - ગામકુવા ગામ પાસે રાત્રીના રસ્તો ક્રોસ કરવા જતો દીપડો મોટા વાહનની ટકકરે ફંગોળાયો હતો જેમાં દીપડો કલાકો સુધી કણસતો રહ્યો અને આખરે દમ છોડી દીધો આજે સવારે આ બાબતે ગ્રામજનોએ વન વિભાગને જાણ કરતા વનવિભાગ દોડી આવી અને દીપડાને લઈ તેનું પીએમ કરાવી દીપડાની અંતિમક્રિયા પણ વન વિભાગ દ્વારા કરવામાં આવી હતી. અને વન વિભાગે આ બાબતે તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છેકે નર્મદા જિલ્લો વન્યપ્રાણીઓ માટે અનુકૂળ વાતાવરણ ધરાવે છે. ત્યારે દીપડા,ઝરખ સહિતનાં વન્ય પ્રાણીઓ મુકત વાતાવરણમાં હરી ફરી શકે છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી વાહનોની અડફેટે જંગલી પ્રાણીઓના મોત થવાના બનાવો વધી રહ્યા છે.તેમાં હાલ દીપડાનું મોત થયું છે. ઘણા સમયથી પ્રતાપનગર વિસ્તારમાં દીપડાઓનો વસવાટ કરે છે જેમાં ગત રાત્રે આ દીપડો રસ્તા પરથી પસાર થતો હતો ત્યારે ગત રાત્રે જ પ્રતાપનગર અને ગામકુવા ગામ વચ્ચે આ દીપડો હાઈવે પર આવી જતા અજાણ્યા વાહનની સાથે અથડાયો હતો. ટક્કરને કારણે દીપડાને આખા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અંતે દર્દ અને ગંભીર ઈજાઓને કારણે દીપડાનું મોત થયું હતું.

સિવિલ હોસ્પિટલનાં સ્ટાફ ક્વાર્ટર્સમાં પાણીનાં ધાંધિયાં, કર્મચારીઓમાં રોષ

સુરત

નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સ્ટાફ ક્વાર્ટર્સમાં અનિયમિત આવતા પાણીને કારણે કર્મચારીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પીવાના પાણીની અનિયમિતતાના કારણે કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યોમાં નારાજગી જોવા મળી રહી છે.

નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પ્રોફેસર, નર્સિંગ સ્ટાફ તેમજ ચોથા વર્ગના કર્મચારીઓ માટેના ક્વાર્ટર્સ સહિત ૩૦૦થી વધુ સ્ટાફ ક્વાર્ટર્સ આવેલા છે. આ સ્ટાફ ક્વાટર્સમાં રહેતા કર્મચારીઓ હાલ પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ક્વાર્ટર્સમાં પાણીનો પુરવઠો અનિયમિત અને ઓછાં પ્રમાણમાં આવી રહ્યો છે.

૩.૪૦૦૦ થી ૧૫૦૦૦ સુધીનું ભાડું પગારમાંથી કપાવવા છતાં સમયસર અને પુરતાં જથ્થામા પાણી પુરવઠો ન મળતા કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. સવાર અને સાંજ બે ટાઈમ સિવિલના પીઆઈયુ વિભાગ દ્વારા સ્ટાફ ક્વાર્ટર્સમાં પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. જોકે છેલ્લા કેટલાક સમયથી પાણી પુરવઠો સમયસર આવતો ન હોવાથી કર્મચારીઓ તેમજ તેમના પરિવારના સભ્યો પરેશાન થઈ રહ્યા છે.

ટાયર ફાટતા કાર ડિવાઈડર કૂદી લક્ઝરી બસમાં ઘૂસી ગઈ, ૩નાં મોત



વલસાડ

વલસાડના ગુંદલાવ હાઈવે પર ડિવાઈડર સાથે અથડાયેલી કાર લક્ઝરી બસમાં ઘૂસી જતા કારમાં સવાર ત્રણ વ્યક્તિના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે લક્ઝરી બસમાં સવાર એકને ઈજા પહોંચી હતી.

મુંબઈના વિરારમાં રહેતા યોગેશ પટેલ તેમની પત્ની અને દીકરી સાથે સુરતથી મુંબઈ તરફ પોતાના ઘરે કાર લઈને જઈ રહ્યા હતા. દરમિયાન રવિવારે વલસાડ હાઈવે ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ગુંદલાવ નજીક આવેલ ગૌ શાળા પાસે અચાનક તેમની કારનું ટાયર ફાટતા કાર ડિવાઈડર કૂદીને સામેના ટ્રેક પર મુંબઈ તરફથી ધંધુકા જતી લક્ઝરી બસ નં. જીજે-૧૪-એક્સ-૨૪૯૩ સાથે ધડાકાભેર લક્ઝરી બસ સાથે ભટકાઈ હતી. જેમાં કાર લક્ઝરીના નીચે ઘૂસી જતાં ચકદાઈ ગઈ હતી. જેને ક્રેન બોલાવી લકઝરી નીચેથી કારને કાઢવામાં આવી હતી. કાર ચાલક યોગેશ પટેલ અને તેની પત્ની જ્યોતિ યોગેશ પટેલ અને તેની દીકરીનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ૧૦૮ની ટીમે જ્યોતિબેન પટેલ પાસેથી સોનાના ઘરેણાં મળ્યા હતા જે વલસાડ રૂરલ પોલીસને સુપ્રત કર્યા હતા.

ડુપ્લીકેટ એ.ટી.એમ. કાર્ડ બનાવી બેંક ખાતામાંથી નાણા ઉપાડી લેતી એ.ટી.એમ. ક્લોનીંગ ગેંગને પ્રતાપગઢ (યુ.પી.)થી પકડી પાડતી ભરૂચ સાયબર ક્રાઈમ તથા એલ.સી.બી.

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ હાલના સમયમાં ભરૂચ જીલ્લામાં તથા ગુજરાતમાં સાયબર ક્રાઈમને લગતા ગુનાઓ વધતા હોઈ જેથી આ આરોપીઓને પકડી પાડી ગુનાઓ શોધી કાઢવા ભરૂચ સાયબર ક્રાઈમ સેલ તથા એલ. સી.બી.ભરૂચનાઓને સુચના તથા માર્ગદર્શન આપેલ.જે અનુસંધાને પો.ઈન્સ. જે.એન.ઝાલા એલ.સી.બી. ભરૂચ તથા સાયબર ક્રાઈમ ઈન્ચાર્જ પો.સ.ઈ. કે.એમ. પટેલ દ્વારા જીલ્લામાં સાયબર ક્રાઈમને લગત બનેલ ગુનાઓમાં વર્કઆઉટ શરૂ કરેલ અને ભરૂચ શહેર "સી" ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ફર્સ્ટ ૬૨/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ તથા આઈ.ટી.એક્ટની વિગેરે મુજબ ગુનો રજીસ્ટર્ડ થયેલ હોય જેમાં ફરીયાદીશ્રી હેતલકુમાર ધર્મેન્દ્રભાઈ વસાવા રહે. સિંધોત, તા.જી.ભરૂચનાઓ તા.૦૬/૦૨/૨૦૧૯ના રોજ પોતાના એ.ટી.એમ. મારફતે નાણા ઉપાડવા ગયેલ અને બાદમાં તેઓનું એ.ટી.એમ. કાર્ડ કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ફરીયાદીની જાણ બહાર ક્લોનીંગ કરી લઈ ફરીયાદીનું એ.ટી.એમ. કાર્ડ પોતાની પાસે હોવા છતા ફરીયાદીના બેંક એકાઉન્ટમાંથી રૂ.૧૦,૦૦૦/- ૧૦,૦૦૦/- એમ બે વાર કુલ્લે રૂ.૨૦,૦૦૦/- અલગ અલગ જગ્યાએથી ઉપાડી લીધેલ. જે મુજબની ફરીયાદના કામે ભરૂચ સાયબર ક્રાઈમ દ્વારા ઉંડાણપૂર્વક ટેકનીકલ એનાલીસીસ કરતા આરોપીઓ પ્રતાપગઢ (યુ.પી.) ખાતે હોવાનું જણાઈ આવતા અત્રેથી પો.ઈન્સ. એલ.સી.બી. નાઓની સુચના હેઠળ પો.સ.ઈ. એ.એસ.ચૌહાણ એલ.સી.બી. તથા સાઈબર ક્રાઈમ સેલ ભરૂચની ટીમ બનાવી પ્રતાપગઢ (યુ.પી.) ખાતે તપાસમાં મોકલી આપતા ટીમ દ્વારા પ્રતાપગઢ (યુ.પી.) ખાતેથી બે આરોપીઓને ઝડપી પાડી પુછપરછ કરતા આરોપીઓ ગુનો કરેલાનું કબુલાત કરતા ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલ છે.અને આરોપીઓ ની પુછપરછ દરમ્યાન પકડાયેલ આરોપી અગાઉ એક વર્ષ અગાઉ મંજનપુર પોલીસ સ્ટેશન,જીલ્લો. કોસાંબી (યુ.પી) ખાતે એ.ટી.એમ. ક્લોનીંગનાં ગુનામાં પકડાયેલ છે. ભરૂચ જીલ્લા ખાતે અન્ય કલોનીંગથી રૂપીયા ઉપાડેલાનું જણાયેલ છે જે અંગેની હાલ તપાસ ચાલું છે. આ કામે અન્ય આરોપીઓ પણ ગેંગમાં સંકળાયેલ હોઈ વધુ આરોપીઓની ધરપકડ કરવા કાર્યવાહી હાથ ધરેલ છે.

ધરપકડ કરેલ આરોપી : - (૧) અમીતકુમાર વિજયનાથ પાન્ડે ઉ.વ. ૨૯ રહે. બાલાપુર થાણા ટુ જી. પ્રતાપગઢ (યુ.પી). (૨) સુનીલકુમાર રામબરન વર્મા ઉ.વ. ૨ રહે. જમાલપુર, પુરનપુર ખજૂર, થાણા - જેથવારા, પ્રતાપગઢ (યુ.પી.)

ડીંડોલીની પરિણીતાને રૂા.બે લાખના દહેજ માટે ત્રાસ

ત્રસ્ત પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવી

સુરત

ડીંડોલી વિસ્તારમાં રહેતી એક પરિણીતા પાસે રૂા.૨ લાખ તથા મોટર સાયકલની દહેજમાં માંગણી કરી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. જેનાથી કંટાળી જઈ પરિણીતા પોતાના પિયરમાં આવી ડીંડોલી પોલીસ મથકમાં પતિ સહિત સાસરીયાઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ડીંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બારડોલી તાલુકાના માણેકપુર ગામ ખાતે રમણ મદન ઝા રહે છે. તેમના લગ્ન ડીંડોલી વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે થયા હતા. લગ્ન જીવન દરમ્યાન રમણ મદન ઝા, મદન તુરંતલાલ ઝા (સસરા), સીતાદેવી મદન ઝા (સાસુ), પવન મદન ઝા (દિયર), ચાંદની પવન ઝા (દિરાણી), વગેરેઓએ દહેજ પેટે રૂા.૨ લાખ તથા મોટર સાયકલની માંગણી કરી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. જેનાથી કંટાળી જઈ પરિણીતા પોતાના પિયરમાં આવી ડીંડોલી પોલીસ મથકમાં પતિ સહિત સાસરીયાઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

કેનચાલકે મહિલા અને ૮ માસની બાળકીને કચડી નાખતા અરેરાટી વ્યાપી



સુરત

નંદુરબારથી પૌત્ર અને પૌત્રીને સાથે લઈ બાઈક પર નીકળેલા શ્રમજીવી દંપતીની બાઈકને સચિન રેલવે ઓવર બ્રિજ પર ક્રેનચાલકે અડફેટમાં લેતા નાની અને પૌત્રીના મોત નિપજ્યાં હતા. જ્યારે નાના ગંભીર રીતે ઘવાયા હતા. આ અકસ્માતમાં બાઈક પર સાથે સવાર ૮ વર્ષીય પૌત્રનો ચમત્કારિક બચાવ થયો હતો. અકસ્માત બાદ ક્રેનનો ડ્રાઈવર ઘટના સ્થળે જ ક્રેન મૂકી નાસી છૂટ્યો હતો.

સચિન જીઆઈડીસી પોલીસ મથકના પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ભીમરાડ ખાતે નિર્માણાધિન આગમ હાઈટ્સની સાઈડ પર રહેતા તેમજ મુળ નંદુરબારના રહેવાસી ગુલાબ ફુલજી પાડવી (૪૮) કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરી કામ કરે છે. ધાર્મિક પ્રસંગ હોવાથી તેઓ થોડા દિવસ પહેલા વતન ગયા હતા. શનિવારે સવારે ગુલાબ પાડવી તેમની પત્ની મલ્લુબેન ઉર્ફે સવિતા પાડવી પૌત્ર તનય ઉમેશ વળવી (૮) અને ૮ મહિનાની પૌત્રી વેદિકા શંકર નાઈક એક બાઈક પર તેમજ પુત્રી સરિતા અને જમાઈ શંકર બીજી બાઈક પર સુરત આવવા માટે નીકળ્યા હતા. તેઓ સચિન રેલવે ફલાય ઓવર બ્રિજ પરથી પસાર થતા હતા. ત્યારે ગુલાબભાઈની બાઈકને પાછળથી પુરઝડપે આવતી ક્રેનના ચાલકે અડફેટમાં લઈ લીધા હતા.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847